૪૫૮૭

श्रीनित्यानियमसाटिक

छपावी प्रसिद्ध करनार
गाम टीटोडाना
जोसी गोवरधन देवराम.

मुंबई:-
पारसी प्रींटींग प्रेसमां छपाव्युं.

સવંત ૧૯૪૬—શને ૧૮૮૯

કીંમત ૦॥= આના.

સુચના પત્ર.

——:o:——

આ નીત્ય નીયમનો ગ્રંથ અમે ચાર જાતીના સુ-
થ્યારોને માટે ઘણી મેહેનત કરી ઘણા જુના ગ્રંથ શોધી
ને ઘણાક સુથારોના મતથી છપાવી પ્રસિદ્ધ કર્યોછે. તે
પ્રસિદ્ધ કરવાનું કારણ નીચે મુજબ.

હાલ કળજુગમાં થોડી બુદ્ધીને આલ્પા પુણ્યનાં મનુ
ષ્ય થયાંછે. તેથી કરીને પોતાના કુળ ધર્મ ઉપરથી આ
સ્તા ઉઠી ગઇ છે તેથી પોતાના કુળ ધર્મનાં આચર્ણ
કોઈ કરતા નથી ને પોતાના લોભમાં ગુચાએલા થઇને
તે કીયા ત્યાગ કરી બેઠાછે તેથી કરી થોડે થોડે વિશ્વ-
કર્માનો ધર્મ લોપ થઇ ગઓછે જેમને જનોઈ દેવાનો
અધીકાર છે તેમને પણ પોતાની સંધ્યા ગાયત્રી નીવાર્ણ
મંત્ર આવડતાં નથી કેમકે તે બાબત ઉપદેશ કરનાર
કોઇ નથી ને ઉપદેશ કરનાર હોયતો તેને આશરો આ-
પી ધર્મની વરધી કરવામાં લક્ષ રાખતા નથી એવા
આસ્તા રહીત થઇ ગએલા જોવામાં આવેછે. માટે સં
સારમાં પ્રથમ ધર્મ કીયો કે પોતાની જાતી ધર્મનાં ખટ
કર્મ, તે પછી બીજુ સરવે કરવું એવું વિશ્વકર્માનું વિ-
શ્વકર્મા પુરાણના અગીઆરમા અધાયના ૧૨૯ ને ૧૩૦
મા શ્લોકમાં વચન છે

श्लोक ॥ ममवंशसमुत्पन्नागायत्रिमंत्रवर्जिता ॥
मंत्रनत्रार्णवंनेवसंध्यावंदनवर्जिता ॥ १ ॥
तेमेवंशासमुत्पन्नाकुलांगारोभवेतूध्रुवं ॥
जारगर्भभवेतूशिल्पिसंस्कारोवार्जितायदा ॥ २ ॥

અર્થ ॥ વિશ્વકર્મા—મારા વંશમાં ઉત્પન્ન થઇને ગાયત્રી સંધ્યાને નીવાર્ણ મંત્ર જેને નથી આવડતાં ને કરતો પણ નથી ॥ તે પુરૂષ મારા વંશમાં કેવળ અંગારા. સમાન ઉત્પન્ન થયેલો અથવા વરણશંકર સમાન હું માનું છું; એવું મારૂં વચન છે એ મારૂં વચન જે પુરૂષ ઉલંઘન કરેછે તેને ધન પુત્ર પોત્રાદીક આદી અને ક તરેનાં કષ્ટ આપું છું.

આવી રીતે વિશ્વકર્માનું વચન છે માટે એ વિશ્વ-કર્મા ચારે જાતીના સુથારોના પીતામહછે. ને તેમને પોતાના વડીલ માનવાજ જોઇએ ને તેમનાં કહેલાં વચન અવસ્ય પાળવાં જે પુરૂષ પોતાના બાપનું વચન નથી પાળતો તે પુત્ર નરકનો અધીકારી છે એમ શાસ્ત્રમાં પણ કહેછે માટે એ વચન પરમાંણે સરવેને વરતવું જોઇએ ॥

જુઓને વિશ્વકર્માએ બ્રાહ્મણના કુળમાં અવતાર લીધો હતો ને સરવે બ્રહ્મકર્મને વરતા હતા તેમના વંશમાં હાલ જોવા જઇએ તો કેવળ સુદ્રના સમાન. કર્મને વરતવાળા થઇ ગયાછે એવું સ્પષ્ટ દેખાય છે, માટે

આવી જે કુચાલ, પોતાની ગ્નાતીમાંથી નીકળી જાય ને સરવે સારાં આચર્ણુ વરતે તેટલા માટે કરીને સદગ્રહ રત સુથારોએ મદદ કરી આ ગ્રંથ છપાવ્યો છે, ધનછે તેમનાં માત પીતાને કે પોતા ઈષ્ટદેવ ઉપર આસ્તા ને ગ્નાતી સદમાર્ગ વરતે એવી ઉમેદવારી ધરાવેછે એવા પુરૂષો વિશ્વકર્માએજ આ કળજુગમાં પ્રગટ કર્યા હશે માટે ચાર ગ્નાતીના સુતારોને એ સદગ્રહસ્ત સુથારોની તથા અમારી નમ્રતા પુર્વક વીનતી છે કે આ ગ્રંથ સરવેની ગ્નાતીમાં પ્રસિદ્ધ કરવો જોઇએ ને એક બીજાને ઉપદેશ કરી પુસ્તક લેવરાવી ન ભણેલ હોય તેને ભણાવવો એમ કરતાં સરવે ગ્નાતીમાં ઘણો સુધારો થઇ જશે. આ પુસ્તક બીજી કોઇ જાતીને આપવું નહીં ને ભણાવવું પણ નહી પોતે તેની દરરોજ પુજા કરવી ને પાઠ કરવો અમે જો બીજા કોઈને આપીએ તો અમારા ધર્મથી બહીરમુખ હોઇએ ફકત ચાર જાતના સુથારને માટેજ છે. આથી વીશેષ જો ગ્નાન મેળવવું હોય તેને વિશ્વકર્માની કથા સાંભળવી તો તમામ ધર્મ જણાઇ આવશે. એ કથા અમારી પાસે સંસ્કૃત છે જેને સાંભળવાની મરજી હોય તો અમને બોલાવશે તો ત્યાંહાં જઇ વાંચી સંભળાવીશું. ઇતી.

જોશી ગોવરધન દેવરામ ગામ ટીટોડા

પ્રગણે કલોલ. જીલે. કડી.

જાહેર ખબર.

ગ્રંથ મળવાનાં ઠેકાણાં

મુ.—મુંબાઇ

મઝગામમાં સુતાર જીવણ મોરારને ઘેરથી મળસે

વચલા ભોઇવાડામાં સોની બાધાભાઇ નાનાભાઇના માળામાં કરતાની પાસેથી મળસે

જીલે એમદાવાદ પ્રગણે કલોલ ગામ ટીટોડામાં અમારે ઘેરથી મળસે હલાકે મહીકાંઠા ગામ પેથાપુરમાં અમારે ઘેરથી મળસે.

આ ગ્રંથ જેને બહારગામ મંગાવવો હશે તેની પાસેથી ટપાલ ખરચ ૦)– લેવામાં આવશે નાણું પ્રથમ મોકલશે તેને મોકલવામાં આવશે.

આ સીવાય જેવી ગ્રંથમાં બે છબીઓ છે તેવી ચીતરેલી છબીઓ કાઢવાની છે માટે જેને લેવી હોય તેને પોતાનું નામ અમારી ઉપર મોકલવું કીંમત જોટાના રૂ.–૧ થશે નવ ઇંચ પોલી બાર ઇંચ લાંબી થશે.





॥ श्रीगणेशायेनमोनमः ॥
॥ श्रीविश्वकर्मायनमोनमः ॥
॥ अथश्री वीश्वकर्मानीत्रिकाल संध्यालिख्यते ॥
॥ श्रीसंध्याप्रारंभ ॥

પ્રથમ સુધ્ય જલવડે કરીને સ્નાન કરવું સ્નાન કરતી વખતે ગંગાદીનદીઓનું ધ્યાન કરવું ને મુખે સ્મર્ણકરવું પછી ધોત વસ્ત્ર પેહેરી પોતાના ઘરને વીશે નીત્ય નીયમની જગ્યા ઉપર જઈ પાટલો નાંખી ઉપર દરભનું આશન નાંખીને ઉપર ઉનનું આશન નાખી પવીત્ર પણાથી ઉગમણું મુખ રાખી બેસવું. ને પછી નીત્ય નીયમ કરવું. આચમની પવાલુને તરભાણું લેઈને બેસવું.॥

॥ प्रथम ॥ संध्याकरवी ॥

प्रथम ॥ आचमनकरवुं ॥ केशवायनमाः॥अत्मतत्वायस्वाहा ॥१॥ गोविंदायनमः॥शिवतत्वायसाहा॥२ नारायणायनमः ॥ विद्या तत्वाय स्वाहा ॥ ३ ॥

એ પ્રમાણે ત્રણ મંત્ર વડે કરીને આચમનીથી જલ લેઇ પોતાના જમણા હાથની હથોલીમાં મુકી ત્રણવારપીવું પછી હાથ ધોઇ નાંખવો.॥ પછી॥

॥ शिखाबंधनं ॥

શીખાની ગાંઠ વાળવી ॥ પછી ભસ્મ ધારણ કરવી ॥

॥ अथ भस्म धारणं॥औषधिति विश्वकर्माऋषी अनुष्टूपूछंदः॥भस्म

धाणेतिविनियोः ॥ भस्मनो मंत्र ॥ औषधिवृक्षमुत्पन्नं तस्ययज्ञसमुद्भवं ॥ विभुतिधार इश्यामि दिक्षाविश्वस्य कारितां ॥ इतिमंत्रेण भस्म धारणं ॥

॥ अथप्राशनं ॥ यथाग्निदहते भस्म त्रणाकाष्टादिसंग्रहं ॥ तथादहंतुमे पापं कुरुभस्मशुचीशुची ॥ इतिमंत्रेण प्राश्यः ॥

એ મંત્ર વડે કરીને પ્રાસન કરવું ॥

॥ अथआचमनं पुर्ववत् ॥

બીજી વાર આચમન કરવું પેહેલાની પેઠે ॥

॥ अथ प्राणायम ॥ दशगायत्रि जपेत् ॥

નાશીકા થકી પ્રાણાયમ કરવું ને દશ ગાયત્રી જપવી.

॥ पुरक ॥ कुंभक ॥ रेचक

એ ત્રણ નાડીઓથી સ્વાસા ચડાવવી પ્રાણયમ કરતી વખત ॥ પછી ॥

विष्णु २ वाक्र २ प्राण २ चक्षु २ षोत्रं २ नाभिह्रदय कंठ मुख शिर शिखा बाहुभ्यां यशोबलं॥ अपवित्र पवित्रेति विष्णु ऋषी अनुष्टुपूछदः ॥ पवित्रकरणे विनियोगः॥ मंत्र ॥ अपवित्र अपवित्रोवा सर्वस्थांगगतोपिवा ॥ यस्मरेत् पुंन्डरिकाक्षं सबाह्याभ्यंतरशुची ॥ इति मंत्रेण पवित्रकरणं ॥

એ મંત્રથી જલ પોતાને અંગે છાંટવું.

॥अथ संकल्प॥ अद्यश्रीपुर्वोच्चरितं मास पक्ष तीथ्यादिसंकीर्त्य॥ ममउपपातक क्षयार्थे प्राप्तः संध्योप्राशान महांकरिश्ये॥

એપ્રમાણે સંકલ્પ કરવો જલમુકવું॥

आधार शक्तिभ्योनमः॥ आसनं॥ अथकरंन्यासः॥ मंत्र॥ अगुष्टाग्रेतुगोविंदं तर्जनीयाचमहिधरंमाध्यमायांऋषीकेशं अनामिकांत्रिविक्रम॥ कनिष्टकाया न्यसेत्वीष्णु करमध्येतुमाधवं करपृष्टेहरेर्विद्यात् मणिबंधतथाश्चुतं॥अथमार्जनं॥

गंगेचयमुनांचैव गोदावरिचसरस्व ति ॥ नर्मदे सिंधुकावेरीजलेस्मिन् सान्निधिकुरु ॥ इतिमंत्रेण मार्जनं॥

આમંત્ર ભણીને પોતાના શરીરને માર્જન કરવું

॥अथह्रदयादिन्यासः॥ त्रिगुणा त्माह्रदयायनमः ॥ जगत्सृष्टेशिरशे स्वाहा ॥ कृतिपतये शिखायैवषट॥ धिमहिकवचाययहु ॥ तंनोविश्वनेत्र त्रयायवैषट्र ॥ प्रचोदयात्अस्त्रायफ ट्र ॥ इतिह्रदयादिन्यासः॥ अथ ध्यानं ॥ यदुद्भवासत्व रजस्तमोगुण अविङ्यतेनाप्रथगात्मनोभवान् ॥ य

इछयाविश्वभवाभवंतं ॥ त्वंनमामि विश्वकर्मानमस्ते ॥ १ ॥ कंबासुत्रां बुपात्रेवहतिकरतले पुश्तकं ज्ञान सुत्रं ॥ हंसारुढं त्रिनेत्रं शुभमुकुट शिरो सर्वतोवृद्धकाया ॥ त्रैलोक्यंए नश्रेष्टं सकल सुरगृहंराजहरम्यां दिहरम्यांम् ॥ देवोसौसुत्र धारजगत् खिलहितो पातुएविश्वकर्मा ॥ २ ॥ इति मंत्रेणध्यानं ॥

એ બે મંત્ર વડેકરીને વિશ્વકરમાનું ધ્યાનધરવું ॥

॥अथआवाहनंकत्वा॥विश्वकर्मा ऋषी ॥ शांखायनगोत्र ॥ त्रिप्रवरां

च चतुर्वक्त्रां चतुर्भुजाहंसवाहनसं
स्थितां ॥ सर्वपापक्षय कुर्वाणां अ
भिष्टज्ञानः प्रदां ॥ ब्रह्मलोकनिवाशि
नि प्रातः संध्यानाम्नि आवाहइष्ये
आवाहयामि ॥ इति आवाहनम् ॥
अथन्यासः ॥ त्रींकारंपादगुष्टयो ॥
जकारंगुल्फयो ॥ ऋकारंजंघयो ॥
शिकारं जान्हवो ॥ विकारांउर्वो ॥
प्रंकारंगुदे ॥ चकारंलिंगे ॥ श्युका
रंकटयां ॥ हकारंनाभौ ॥ पंकारं
उदरे ॥ त्रंकारंहस्तयो ॥ वृंकारं
ह्रदये ॥ ज्ञकारंकंठे ॥ अकारंमु
खे ॥ स्नकारं तालुदेशे ॥ वृंकारंना

शिकाग्रे ॥ श्रीकारंनेत्रयो ॥ क्रिकारं भ्रवोर्मध्ये ॥ विश्वकृतिल लाटे ॥ विकार पुर्व मुखे ॥ चकारं दक्षणमुखे ॥ त्रिकारं पश्चिममुखे ॥ विकारं उत्तरमुखे ॥ प्रचोदयात् सर्वव्यापकं ॥ नमोदेवायअस्त्रायफट् ॥ इतिन्यास ॥

॥अथगायत्रि मंत्रेणअंजलित्रयं दद्यात्॥मंत्र ॥ ॐत्रिगुणत्माय्विद्महे श्रृष्टिकर्ताय्धिमहितंन्नोविश्वप्रचोदयात् ॥ इतिमंत्रेण अर्घदानं ॥ एही सुर्यसहस्त्रांशो तेजो राशिजगप्तते अनुकंपय मांभक्त्या ग्रहाणार्घ दिवाक

रः ॥ एभिमंत्रेणअर्घत्रयंदत्वा ॥

ઉપરના મંત્રથી સુર્યનારાયણને ત્રણ અર્ઘ્ય આપવા. અને કોઇ કોઇ નીચેના બીજા મંત્રથી પણ અરઘ આપેછે.

॥ गायात्रिसत् अष्टोतेरजपेत्॥

એકસોને આઠ ૧૦૮ ગાયત્રી મંત્રનો જપ કરવો.

॥नवार्णइति प्रात:संध्यासमाप्त॥

॥अथमध्यानसंध्या॥ पुर्ववत् क्रियाकरवी॥पुर्वाह्नेरक्त वस्त्रा रक्तापुष्पा रक्तसरवांग भुषणा ॥ रक्तनेत्रसुविख्यातो गायत्रिब्रह्मरूपिणी॥ अथ मध्यानसंध्याप्रारंभ॥मध्यानेशुक्लांबराशुक्लवर्णा शुक्लवृषभवाहनसं

स्थितो ॥त्रिशुलास्त्रसमायुक्तानागय
ज्ञोपसेविता ॥ अपरान्हे ॥ शांयसं
ध्याप्रारंभ ॥ कृष्णांबरा कृष्णावस्त्रा
शंखचक्राज्वधारिणि गरुडारूढयते
नित्यंसंध्याविष्णुरुपीणि ॥ इतिध्या
त्वामानसोपचारे संपुज्यंअष्ठोतरश
तजपंकुर्यात् ॥ मालांपुजयेत ॥

જપકરી રહ્યા પછી માલાનુ પુજનં કરવું ॥ હસ્તવેડ કરીને નમસ્કાર કરવો ॥

॥गायत्रिमंत्रेणविभुतिविसर्जयेत् ॥

ગાયત્રિ મંત્ર વડે કરીને વીભુતીનું વીસરજન કરવું.

॥ त्रिपुंड्रंचधारयेत् ॥

ત્રિપુંડતીલક કરવું એટલે આડુ તીલક કરવું.

॥ संध्याविसर्जयेत् ॥

પછી સંધ્યાનું વીસરજન કરવું.

संध्याकालेच मध्यान्ये प्रातसंध्या उपाशितां ॥ संपुर्णा कुरुमेदेवै ब्रह्माणिशिववैष्णवी ॥ इतिश्रीत्रिकालसंध्यासमाप्त संपुर्ण ॥

अथगायत्रिमंत्र ॥ ॐत्रिगुणात्मायविद्महे श्रष्टीकर्त्ताय् धिमहितंन्नोश्विप्रचोदयात् ॥

॥ आथनवार्णमंत्र ॥

ॐह्रांह्रींह्रुं त्रिगुणात्मायजगत्सृष्ट्वेनमः॥

આ મહા મંત્ર વીશ્વકરમાનો છે તે

નો અહરનીશ જપ કરવો તેથી વીશ્વ
કરમા સદાએ પ્રસન રહેછે.

॥ श्रीगणेशायेनमोनमः ॥

॥ श्रीविश्वकर्मायेनमोनमः ॥

अथश्रीमद्‌विश्वकर्मानुं
सटिक स्तोत्र ॥ देवस्तुति

अस्यश्रीविश्वकर्मास्तोत्रमंत्रस्य
ब्रह्माऋषी कृतिपतिविश्वकर्मादेवता
अनुष्टुपृछंदः ॥ कृतिशक्ति ॥ श्रीवि
श्वकर्माप्रित्यर्थं विश्वकर्मास्तात्र मं
त्रस्यजपेविनियोगः ॥

॥ अथध्यानं ॥

कंबासुत्रांबुपात्रंवहतिकरतले

पुस्तकंज्ञानसुत्रं॥
हंसारुढंत्रिनेत्रंशुभमुंगटाशिरो
सर्वतोवृद्धकायाः ॥
त्रैलोक्यंएनश्रेष्टंसकलसुरग्रहं
राजहर्म्यादिहरम्यांम् ॥
देवोसौसुत्रधारजगताखिलहितो
पातुएविश्वकर्मा ॥ १ ॥
॥इतिं ध्यानं ॥

વીશ્વકર્મા પ્રભુનું રૂપ કેવું છે તેણે પોતાના વામ હાથને વીશે ગર્જ, ને સુત્ર ધારણ કરેલાં છે, અને જમણા હાથને વિશે જ્ઞાન પુસ્તક (શીલ્પી શાસ્ત્ર) જ્ઞાન સુત્ર (માલા) ધારણ કરેલાં છે. ને હંસનાઉપર જેનું વહાન છે, ત્રી નેત્ર છે અને સુંદીર મુગટ મુસ્તકને વિશે શોભિતા છે. એવા

સરવે ગુણ થકી વૃદ્ધ (મોટા જે) અને
ત્રણ લોકનાસરજનાર ને દેવનાં ધામ તથા
રાજાઓનાં ધાંમ કરનાર સમગ્ર જગ
તનું કલ્યાણ કરવાને તત્પર એવા જે વિ
શ્વકરમા પ્રભુ મારૂં રક્ષણ કરશો ॥ ૧ ॥
ઈતીધ્યાન ॥

॥ श्री शिवउवाच ॥

त्रिगुणात्माजगत्सृष्टा
सत्वं रजत्तमोमयः ॥
गुणाऽत्पुर्वसमुत्पन्नं
विश्वकर्माण्युदिरयेत् ॥१ ॥

અર્થ ॥ શંકર કહેછે હે ભગવાન તમો
રો ત્રણ ગુણ રૂપીછે આત્મા એવા છો
ને જગતના શ્રૃષ્ટા એટલે સરજનાર ને
સત્વ ગુણ, રજો ગુણને તમો ગુણ થકી
(પુર્વ) નામ (પ્રથમ) ઉત્પન થએલા એવાને

વિસ્વકરમારૂપ તેમને સ્તુતી કરીએ છીએ ॥ ૧ ॥

श्रुद्धस्यसत्वांनातिश्रुद्धसत्वां ॥
मुर्त्तिपृथक्‌ भूतमिवात्मनात्वां ॥
हेइशआत्मानपृथकृत्वनेक्षेत ॥
अतःप्राणामिभवमादिमिशं॥२॥

અર્થ જેનું શુદ્દછે અંતઃકરણ એવા અને જેનાં નથી અત્યંત શુદ્ધ અંતઃકરણ એવી જ મુરતીઓ તેનાથી પૃથકભુત ઈવનામ (જુદા હોયનેશું) એ આત્માના આત્મા વડે કરીને તમને જાણેછે. વળીહે ઇશ (હે શીક્ષક) હે આત્મન તમારે કાંઇ જુદાપણું નથી ને જુદાપણા ને જાતા પણ નથી એ કારણ માટે સંસારરૂપ એવા ને આદીરૂપ એવા અને ઈશ્વરરૂપ

એવા જે વિશ્વકરમા તેમને નમસ્કાર કરીએ છીએ. ॥ २ ॥

यत्तेजसाविश्वमिदंविभाति

सुर्यश्वतेजसस्माह्हितेन ॥

विष्णुविरंचिगिरजामयाच ॥

सर्वेजगत्सृष्टनमोनमस्ते ॥ ३ ॥

અર્થ મહાદેવ કહેછે હે ગિરજા (હે પારવતી) જેના તેજ વડે કરીને આ સઘલું વિશ્વ શોભી રહયું છે. ને સુર્યનું તેજ પણ એક પણાવડે કરીને જેની આગનાથી તપેછે ॥ માટે એવાજે પ્રભુ ને આ જગતના સરજનાર તેમને બ્રહ્મા વીષ્ણુ, ને મઆ નામ (હું) અને આ જગત સહ વર્તમાન એ વિશ્વકરમાને નમસ્કાર કરીએ છીએ.

तमद्भुतंपुरुषमंबुजेक्षणां ॥

चतुर्भूजंपंचमूखंत्रिनेत्रं ॥
श्रीवत्सलक्ष्मांगदकोटिकोस्तुभं ॥
पितांबरस्फाटिकमौक्तिकोपमं॥ ४ ॥

તેવા અદ્દભુત પુરૂષને કમળના સર ખાં છે નેત્ર જેમનાં અને ચાર શોભિત એવા છે ભુજ (હાથ) ને પંચ છે મુખ જેમનાં અને ત્રણછે નેત્ર એવા ॥ શ્રીવત નામ (શોભાયમાનછે ચીન્હ) જેમનાં અને શોભાયમાન છે બાજુ બંધ જેમનાં કૌસ્તુભ માણી અને સ્ફટીક મણીની તુલ્યછે પીતાંબર ધારણકરેલાં જેમને અને કંઠને વીશે જણ મોતીના હાર પેહેરેલા છે એવા જે વિશ્વકરમા તેમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૪ ॥

॥ ब्रह्मोवाच ॥

हेइशहेत्वांजगदादिजस्यात् ॥

सत्यस्वरूपंद्गुणागुणत्वं ॥
त्वयाप्रतापेनमयाराचित्वात् ॥
तस्मैनमोनिर्गुणमात्मनाव ॥ ५ ॥

બ્રહ્મા કહેછે, હે ઇશ (ઇશ્વર) તમે જગતની આદી (પ્રથમ હોતાહવા) સત્ય સ્વરૂપ એવા છો સગુણને નિરગુણ રૂપ એવા છો ॥ હે વિશ્વકરમા પ્રભુ તમારા પ્રતાપ વડે કરીને આ જગતને હું રચું છું; એવાને નિરગુણ આત્મા તમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૫ ॥

यस्यापिदेववपुष्योमदनुग्रहस्य ॥
श्वेत्छामयश्वतनुभुतमयश्वकोपि ॥
नेशेमहित्वावशितुमनशांतरेण ॥
साक्षातवैवकिमुतात्ममसूखानुभुत ६

હે દેવ ઇછારૂપ એવુંને આ તમારૂં

શરીર તે મારા ઉપર અનુગ્રહ કરનાર એવું છે ; કેમ જે ભુતમય એટલે (પંચ મહાભુતનું નહી) એવું સ્વયં તમારૂ શરીર તેનો મહીમા નિશ્ચય કરવાને મન બુધ્દી, ચીત, અહંકાર, વડે કરીને કોઈ સામરથ નથી અને સાક્ષાત (પ્રત્યક્ષ) આત્માનો છે અનુભવતે જેને એવા તમારા મહીમાનો નીશ્ચય નથી થતો તેમાં શું આશ્ચર્ય. ॥ ૬ ॥

ज्ञानेप्रयास्यमूदपास्यनमंतएव ॥
जिवंतिसन्मुखरिताभवदियवार्ता ॥
स्थानेस्थिताश्रुतिगतांतनुवांङ्नोभि
एप्रायसोजितजितोप्यसितोस्त्रि
लोक्यं ॥ ७ ॥

હે વીશ્વકરમા ભગવાન, પણ જ્ઞાન પામવાને વિસે પ્રયાસ એવોજે (શ્રમ) તેને

ત્યાગ કરીને નમંત નામ (નમતા એવાનો સજ્જનના મુખ થકી ઉત્પન્ન થયેલી જે તમારી વારતાયો તેને જે સાંભળીને જીવતા એવા એકુજ સ્થાનને વીશે રહીને કાનને વીશે સાંભળેલી એવી તમારી જે વારતા ઓ તે તનુ (દેહ, વાંણીને મન) વડે કરીને અહરનીશ રટણ કરેછે તેવા પુરૂષો હે અજીત (કોઇનાથી નજીતા આ તેવા) એજ પુરૂષો તમોને ત્રણ લોક માં જીતી લે છે. ॥ ૭ ॥

श्रेयश्रुतिभक्तिमुदस्यतेविभो ॥
क्लिश्यंतिएकेवलबोधलब्धये ॥
तेशामशौकेशलएवशिष्यते ॥
नान्यद्यथास्थुलतुषावघातिनां ॥ ८॥

હે પ્રભો (હે વીશ્વકર્મા) કલ્યાણને આપનારી એવી જે તમારી ભકતી તેને ત્યાગકરીને કેવળ જ્ઞાન પામવાને કલેશ

પામેછે (મેહેનત) કરેછે તે પુરૂષોને કાંઈ ફળ મલતુ નથી. જેમ કુશકાનો ખાંડનાર પુરૂષ છે, તેને કુશકાવીના બીજુ કાંઇ મલતું નથી. જેમ કુશકામાંથી કાંઈ ચોખા નીકલે નહીં, તેમ ભકતી વીના જ્ઞાન હોય નહીં ॥ ૮ ॥

तथापिभुमनमहिमागुणस्यते ॥
विबोधुमर्हत्यमलांतरात्मभिः ॥
अविक्रियात्स्वानुभवादरुपतो ॥
ह्यनन्यबोधात्मतयानचान्यथा ॥ ९ ॥

તથાપી (તો એ પણ) હે મોટા પુરૂષ તમારા અપાર ગુણનો જે મહીમાછે તે જાણવાને યોગ્ય આ સંસારને વીશે જે નીરમળ અંતઃકરણ વાળા પુરૂષો છે તે જાંણે છે, તે પુરૂષો શાથી કરીને જાંણે છે કે જેને વીશે કોઈ પ્રકારનો વીકાર

નથી, ને સરવે વાતનો તેમને અનુભવછે ને રૂપ રહીત પણું છે, ને બીજાને નહી જાંણુવાપણું. (બીજા ઉપર તેને આસ્થા નથી.) એકાત્મ પણું તમારે વીશેજ છે, તેને કરીને તમને જાણે છે કાંઇ અન્યપ્રકાર વડે કરીને નથી જાણતો ॥ ૯ ॥

गुणात्मनस्तोपिगुणान्विभातु ॥
हितावतिर्णस्यकइष्यरेत्रे ॥
एवंविमितासकलैःसुकल्पै ॥
भुपासवर्ण्येमिहिकाद्युभाशं ॥ १० ॥

હે વિશ્વકરમા પ્રભુ તમે આ જગતમાં કલ્યાણને અરથે અવતાર ધારણ કરનારા ને વળી ત્રીગુણાત્મક, એવા તમારા ગુણ ની ગણના કરવાને આ સંસારમાં કોણ સામર્થ છે, કોઇ નહીં ॥ ઘણા કાળના આયુરદા વડે કરીને આ પૃથ્વીના રજકર

ણુને ગણીશકે. અને આકાશનો તરાને ગણીશકે પણ તમારા ગુણ ગણવાને કોઈ સામર્થવાન પુરૂષ નથી ॥ ૧૦ ॥

एकत्वमात्मापुरुष:पुरातन
सत्यस्वरूपज्योतिरनंतआद्यः ॥
नित्योक्षरोजस्त्रसुखोनिरंजनः ॥
पुर्णोद्वयोमुक्तउपाधितोमृतः ॥११॥

હે પ્રભો તમે આ જક્તને વિશે એકજ છો ને પુરાણ પુરૂષ (આદી અનાદી પુરૂષ છો) સત્ય સ્વરૂપછો જોતી રૂપ છો અને અનેક રૂપવાળાછો (જેનો પાર ન આવે) તેવા આત્મા છો, ને વળી નાશ રહીત છો, અને જેના વીશેથી કોઈ દહાડો કીંચીત માત્રપણ ક્ષરણ ન થાય તેવા અક્ષર રૂપ છો, ને જેને વીશે નીરંતર સુખ રહેલું છે એવા છો. વળી નિ

રંજન એટલે જેને માયાનું અંજન નહીં એવા પરી પુર્ણ દ્રષ્ટા છો, ઉપાધી રહીત ને અમૃરૂપ છો. ાા ૧૧ ાા

एवंविधत्वंसकलात्मनामपि ॥
स्वात्मानमेवात्मतयाविचक्षते ॥
गुरुवर्कलब्धोपनिसत्सुचक्षुषा ॥
यतेतरंतिवभवानृतांबुधि ॥ १२ ॥

હે પ્રભુ પુરચેક્ષા એવા તમોને સમગ્ર એવા આત્મા જે, તેમના આત્મા એવામેજ આત્મા વડે કરીને જુવે છે જે પુરૂષો, તે પુરૂષો સુર્ય રૂપીજ ગુરૂ તેવા ગુરૂથી પામેલા રૂડાં એવાં ઉપનીષદ જે વેદાંત સાસ્રનું જ્ઞાન રૂપીજ નેત્ર તેણે કરીને આ સંસાર રૂપીજ માયાનો અનૃથ સમુદ્ર તેને આ લોકને વીશે રહીને તરી જાયછે. (મોક્ષપામે છે.) ાા ૧૨ ાા

विश्वोद्भवास्थितिलयादिषुहेतुमेकं ॥
मायाश्रयंविगतमायमचिंत्यरूपं ॥
आनंदशांद्रममलंनिजबोधरूप ॥
श्रष्टुद्भवकृातिपातिसततंनमामि॥१३॥

વળી બ્રહ્મા કહેછે હે પ્રભો તમે કેવા છો ચરાચર એવું'ને આ જગત તેને ઉત્પ'ન પાલણને સંહારના કરનાર તેના તેમ એકજ કારણભુત છો. ને વળી માયાને આશ્રય આપનારને વળી માયા રહીત એવાને કોઈ થકી ચીં'તવન ન થાય એવું' તમારૂં' રૂપછે. વળી આન'દ રૂપ (કોઈ દહાડો કીલવીશ માત્ર પણ શોક નહીં') ને ઘાડ રૂપ છો નીરમળ રૂપ છો ને વળી પોતાનો બોધ છે પોતાનો એવા (કોઇનો બોધ કરેલો નહીં') શ્રષ્ટીની ઉત્પ તી પાલણને સંહારના સ્વામી એવા ને

વીશ્વકરમા તેમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૧૩ ॥

स्वमाययाविश्वमिदंहिसृष्ट्व ॥
नभोवदंतर्बहिरास्थितोय ॥
सर्वांतरेस्थापिनिगुढआत्मा ॥
स्वमाययाविश्वमिदंविचेष्टते ॥ १४ ॥

હે વીશ્વકરમા પ્રભુ તમે પોતાની માયા વડે કરીને આ વીશ્વને સરજી ને આકાશની પેઠે અંતઃકરણને બહાર રહેલા એવા વળી જીવ પ્રાણી માત્રના અંતઃકરણને વીશે ગુપ્ત આત્મા રૂપ વળી પોતાની માયા વડે કરીને સરવે ચરાચર જીવને નાના પ્રકારની ચેષ્ટા કરાવો છો એવા વીશ્વરૂપછો. ॥ ૧૪ ॥

विदितोषीभगवानसाक्षात्
पुरुषःप्रकृतेपरः ॥

केवलानुभवानंद
स्वरूपसर्वबुधिदृक् ॥ १५ ॥

એવા હે વીશ્વકરમા ભગવાન સાક્ષાતકાર તમોને મેં જાણ્યાછે, પુરૂષ એવા ને માયા થકી પર (વેગલા) એવા અને કેવળ અનુભવને આનંદ રૂપ છે સ્વરૂપ જેમનુ એવા ને સરવેની બુધીના સાક્ષીભુત એવા તમોને મેં જાણ્યાછે. ॥ ૧૫ ॥

सएवस्वप्रकृतेदं
स्टष्टाग्रात्रिणात्मकं ॥
तदनुत्वंह्यप्रविष्टः
प्रविष्टइवऽभाव्यसे ॥ १६ ॥

હે ભગવાન પુર્વે કહ્યા એવા એજ તમે પોતાની માયા વડે કરીને પેહેલા વેહેલી રજો ગુણ તમો ગુણને સત્ય ગુણ

રૂપી ત્રીગુણાત્મ જગતને સરજીને ત્યાર
પછી તમે તે જગતને વીશે પ્રવેશ કરતા
નથી તોએ પણ તેને વીશે પ્રવેશ કર્યા
હોયને શું, એમ માલમ પાડો છો. ॥૧૬॥

यथेमेविकृताभाव
स्तथातेविकृतैसह ॥
नानाविर्यःपृथकभूता
विराजंजनयंतिहि ॥ १७ ॥

બ્રહ્મા કહેછે હે ભગવાન પુર્વે પ્રગટ
કરેલુ એવું વીકાર રૂપ જગત તે વીકાર
ના જે ભાવ (ભેદ) તે ઉપરના જે વીકાર
પ્રગટ થાય છે તેની સાથેજ નાના પ્રકાર
નાં પરાક્રમ જેમનાં એવાં જુદાં જુદાં
વઈરાટ (દેહ) ને ઉત્પન્ન કરેછો. ॥ ૧૭ ॥

सन्निपत्यसमुत्पाद्य

दृश्यतेनुगताइव ॥
प्रागेव विद्यमानत्वा
न्नतेषामिहसंभवः ॥ १८ ॥

વળી હે પ્રભો પુર્વે કહ્યા એવાજે વઈ શટની માહે એકઠા મલીને ઉત્પંન કરી માંહે પ્રવેશ કર્યા હોયને શું એમ માલમ પડોછો, શાથી કરીને ભાશે છે (જણાય) છે કે પુર્વ થકી વીધમાન (જાડે) છો માટે. પણ તે જ વીકાર તેનો તમને આહી સંભ વ નથી કેમકે તે બધાંએ વઈશટ તેને ત મે પ્રગટ કરનાર છો માટે તમે આદીછો ને તેના કરતા છો. ॥ ૧૮ ॥

एवंभवान्बुद्ध्यनुमेयलक्षणै ॥
ग्राह्यैर्गुणैसन्नपितद्गुणाग्रह ॥
अनावृतात्वांद्बहिरंतरंनते ॥

सरवस्यसर्वात्मनःआत्मवस्तुनः।१९

હે વિશ્વકરમા ભગવાન એ પ્રકારે તમારાં લક્ષણ બુદ્ધીને અનુમાન કરવાને યોગ્યછે ખરાંઃઅને વળી ઇંદ્રીયો વડે કરી ને ગ્રહણ કરવા યોગ્ય એવા જે તમારા ગુણ તે ગુણે કરીને વરતનારા એવા છો પણ ઇંદ્રીયોના ગુણ થકી તમે ગ્રહણ થઈ શકતા નથી, કેમકે તમે તે ગુણોમાં આવર્ણ પામ્યા નથી. ને વળી તમે સર વેના આત્મા છો ને આત્મરૂપી વસ્તુ છો તમારે અંતર પણું નથી ને બહાર પણું એ નથી. (સરવે વ્યાપી છો. ॥ ૧૯ ॥

ययात्मनोदृश्यगुणेषुसान्निति ॥

व्यवश्यतेस्वव्यतिरेकतोऽबुधः

विनाऽनुवादंनचतन्मानिषितं ॥

सम्यग्यतस्त्वक्तमुपाददत्पुमान्।२०

એવા તમે આત્માના દ્રષ્ય (જાણના૨) છતાં આવા ગુણને વીશે વરતો છો. એ પ્રમાણે જે નીશ્ચય કરેછે. તે પુરૂષ મુરખ જાણવો. અને કેવળ વાદ વીનાજ તેની બુદ્ધીનો બીજો નીશ્ચય નથી માટે રૂડે પ્રકારે જે પુરૂષ તમારા થકી સદગુણને ગ્રહણ કરેછે તેજ જ્ઞાનીને સમજુ જાંણવા. ॥ ૨૦ ॥

ततोस्यजन्मस्थितिसंयमान्विभो ॥
वदंत्यनिहादगुणादविक्रियात ॥
त्वइश्वरेब्रह्माणिनोविरुध्यते ॥
त्वदाश्रयत्वादुपचर्यतेगुणै ॥ २१ ॥

હે વિભો (હે વિશ્વકરમા) પ્રભુ ચેષ્ટા રહીત એવા તમે અને નિરગુણ ને નિરવીકાર એવા તમારા થકી આ વીશ્વની ઉત્પતી સ્થતીને લય કહે છે. એવું

આ જકતમાં કોણ કેહેછે, ને મોટા પુરૂષો છે તે કહે છે. વળી તમો ઇશ્વર ને પ્રહ્મરૂપ છો. તે માટે અમારી મતીઓ વિરૂધ પણાને પામે છે ખરી .પણ તમારૂં અશ્રય પણું છે તેથી રૂડા ગુણ વડે કરીને ઉપચારને પામીએ છીએ. ॥ ૨૧ ॥

सत्वंत्रिलोकोस्थितयस्यमायया ॥
विभार्षिशुक्लखलुवर्णमात्मनः ॥
त्वमस्यलोकस्यविभोरिरक्षीषु ॥
गृहेवतिर्णोसिममाखिलेश्वरः॥२२॥

હે પ્રભો તમે ત્રણ લોકના કલ્યાણના અરથે પોતાની માયા વડે કરીને આ ત્માનોશ્વેત વર્ણ ખલુ (નીશ્ચ) ધારણ કરો છો. શા કારણ માટે કે આ જગતની રક્ષા કરવાની ઇછા છે તમારે તે માટે કરીને તેવા હે જગતના ઇશ્વર તમે મારા

કુળને વીશે અવતાર ધારણ કરતા હવા. ॥ ૨૩ ॥

॥ विष्णुरुउवाच ॥

स्वज्ञानमङ्यात्मनिशुद्धबुद्धे ॥
स्वारोचतिर्ह्रनिरस्तमाये ॥
यस्त्वपरात्मापुरुपपुराणं ॥
त्वंविश्वसृष्टासततंनमामि ॥ २३ ॥

વિષ્ણુ.—હે પ્રભો તમે પોતાના જ્ઞાન વડે કરીને નાશ કરીછે દેહાદીક બુદ્ધીઓ એવા છો. વળી પોતાની કાંતી વડે કરીને નાશ પામાડી છે માયા એવા છો. અને પોતાનાને પારકાના આત્મા રૂપ છો જે પુરાંણ પુરૂષ જે આ વીશ્વને સરજનાર એવા હે વીશ્વકર્મા પ્રભુ તમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૨૩ ॥

जानंतिनैवंहृदयेस्थितंवै ॥
चामिकरंकंठगतःयथाज्ञा ॥
यथाप्रकाशोनतुविद्यतेरवौ ॥
ज्योतिस्वभावोपरमेश्वरेत्वं ॥ २४ ॥

વળી હે પ્રભુ આ સંસારને વીશે જે અજ્ઞાની પુરૂષો છે, તે પુરૂષો હૃદયને વીશેરહેલા એવાજે તમે તે તમને જાણતા નથી. કોની પેઠે જેમ મરકટ જેવા મુરખ માંણસોના ગળામાં સોવરણના આલંકાર પેહેરાવ્યા હોય પણ તે નથી જાણતા જે મેં સોવર્ણ પેહેર્યુ છે તેમ. ॥ વળી હે વીશ્વકરમા પ્રભુ તમે કેવા છો. કે જે પ્રમાણે સુર્ય નારાયણને વીશે કોઇ પ્રકારે આંધકાર રહેતું નથી તેજ પ્રમાણે પરમેશ્વર એવાજે તમો તે તમારે વીશે પણ આંધકાર રૂપીજે મા તે વ્યાપ્યમાન થતી

નથી સદાય તેજ રૂપ છો. ॥ ૨૪ ॥

त्वंशुद्धबुद्धस्याहिसर्वदेहिनां ॥
विज्ञानरुपेंनहि विद्यतेत्तमः ॥
अज्ञानसाक्षीन्यरविंदलोचने ॥
मायाश्रयत्वनहिमोक्षकारणं॥२५॥

વળી હે વીશ્વકરમા ભગવાન તમે સર્વ કાળ શુદ્ધ બુદ્ધી છો, ને સરવે દેહી માત્રના જ્ઞાન રૂપ છો. ને તમારે વીશે કોઇ દહાડો તમો ગુણ વ્યાપેમાન થતો નથી (સદાય શાંત રૂપ છો.) ॥ અને હે અજ્ઞાનના સાક્ષી ભુત ને કમલના સરખાં છે નેત્ર જેનાં એવા હરી તમો માયાના આશ્રય ભુત છો. એટલે તમારે કાંઇ મોક્ષનું કારણ નથી અર્થાર્થ તમે સદાએ મુક્તજ છો. ॥ ૨૫ ॥

॥ इंद्रउवाच ॥

विश्वकर्मापरब्रह्म
सच्चितानंदममद्वयं ॥
सर्वोपाधिविनिर्मुक्त
सत्तामात्रमगोचरं ॥ २६ ॥

ઇંદ્ર—હે પ્રભુ આ વીશ્વને ઉત્પન્ન કરનાર એવા પરબ્રહ્મ રૂપ છો. સત (ત્રણ કાળના સાક્ષી) ચીત (ચઈતન્ય રૂપ) ને આનંદ (ઉપાધી રહીત) એવાને અહંતા ને મમતા રહીત (એટલે કોઈ દહાડો ત મ.રે વીશે હું ને મારૂં એ પણું છેજ નહીં. અને નાના પ્રકારના સંસારના જે પ્રપંચ તે થકી રહીત છો. સરવે સતાવાન એવાને અગોચર (કોઈનો દ્રષ્ટીમાં આવો નહીં) એવાછો. ॥ ૨૬ ॥

आनंदंनिर्मलशांतं
निर्विकारंनिरंजनं ॥
सर्वेव्यापिनमात्मानं
स्वप्रकाशमकल्मशं ॥२७ ॥

હે પ્રભો તમે કેવા છો આનંદ રૂપ નીરમલ રૂપ, શાંત સ્વરૂપને નાના પ્રકાર ના જે વીકાર તે થકી રહીત. માયા રૂપી જે અંજન તે તમને વ્યાપમાન નહીં ને સ્થાવર જંગમ જે જકત તે સરવે ને વીશે વ્યાપી રહેલા એવા છો, આત્મા રૂપછો ને પોતાનો પ્રકાશ સરવેને એવા છો, અકલ્મશં (પાપ થકી રહીત) એ વાહે વીશ્વકરમા પ્રભુ તમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૨૭ ॥

विशुद्धयसत्वंतवधामशांते ॥

तपोमयंद्वस्तरजस्तमस्कं ॥
मायामयोयंगुणसंप्रवाहो ॥
नविधतेते ऽगृह्णंनुंबधं ॥ २८ ॥

હે વીશ્વકરમા પ્રભુ તમારૂં ધામ કેવુ છે કે શાંત છે. શુદ્ધ સત્વને તપ રૂપ છે ને નાશ્ય માડયા છે તમો ગુણને રજો ગુણ જેણે એવું છે. ને ત સત્વાદી ગુણ ના પ્રવાહ રૂપી છે ને વળી માઆ રૂપી છે પણ હે ભગવાન તમારી કૃપાવીના કોઈ પુરૂપ થકી તે ધામ જોઈ શકાતું નથી ॥ २८ ॥

कुतो ऽनुंतेद्वतवइशतत्कृता ॥
लोभादयोये ऽबुर्थलिंगभाव ॥
अथापिदंडंभगवानूबिभर्ति
धर्मस्यगुप्तेखलनिगृह्णाय ॥ २९ ॥

હેઇશ (હે ઈશ્વર) એ પુર્વે કહ્યા એ વાત રજો ગુણ, તમો ગુણ, ને સત્વ ગુણનાં કરેલાં લોભાદી જે ચીન્હ તે તમારે કયાંથી હોય. તથાપી (તોએ પણ) હે ભગવાન તમે દંડ ધારણ કરોછો. એ દંડ શું કરવા તમારે ધારણ કરવો પડેછે આજકતને વીશે ધરમનું સ્થાપન કરવાને માટે ને દુષ્ટ જે ખલ તેમને દંડ કરવાને વાસ્તે. ॥ ૨૯ ॥

पितागुरुत्वंजगतामाधिशो ॥
दुरत्ययाकालउपात्दंड ॥
हितायचेत्छातनुभिसमेह ॥
सेमान्विधुन्वन्जगादिशमानिनां ३०

હે પ્રભો તમે જગતના પીતા રૂપ છો ને જગતના ગુરૂ છો. ને આ જગતના અધીષ્ટાતા (શીક્ષક વા ધણી છો.)

ને જેનો પાર ન આવે તેવા દંડને ગ્રહણ કરનાર કાળ સ્વરૂપ છો. ા અને વળી જગતના કલ્યાણને અરથે કરીને પોતાની ઇચ્છા પુર્વક દેહ ધારણ કરીને નાના પ્રકારની, ચેષ્ટા (લીલા) કરો છો. વળી તમે કેવા છો. હું જગતનો ઇશ્વર છું એમ અભીમાનને ધારણ કરનારાછો. અને ઈંદ્રાદીક દેવતા તથા પૃથ્વીના ચક્રવરધીરાજાઓનો અભીમાનને ધુણાવી નાંખોછો (અભીમાનનો નાશ કરી નાંખો છો.)ા૩૦ાા

हेदेवमायेश ॥

तमोव्याप्तइदंजगत् ॥

प्रगटंकृतवानतंच

पासिसृजसिहंतिच ॥ ३१ ॥

વળી હે દેવના દેવ ને માયાના ઇશ્વર તમો ગુણ વડે કરીને વ્યાસમાન એવુ

ને આ જગત તેને તમો પ્રગટ કરોછો ને તેની રક્ષા કરો છો ને પાછુ હણો છો. ॥ ૩૧ ॥

चराचरस्यजगतां
नियंताचत्वमेवच ॥
त्रैय्यतन्वाचयज्ञानां
विस्तारंत्वंप्रकिर्तित्ता ॥ ३२ ॥

હે પ્રભો તમે સ્થાવરને જંગમ એવા જગતને નીયમમાં રાખનારા એવાછો ॥ ને વેદત્રયના જે યજ્ઞ તેમના તમે વિસ્તાર રૂપ એવા તમે કીરતન કરીતા હવા (એવા તમે છો.) ॥ ૩૨ ॥

॥ सुर्यऊवाच ॥
आत्मन्यभेदेनविभावयन्निदं ॥
भवत्यभेदेनमयात्मनातदा ॥

यथाजलंवारिनिधौयथापयः ॥
क्षिरेवियघ्योम्न्यानिलेयथाऽनिलः ३३.

વળી હે ભગવાન આત્માના ભેદ પણા વડે કરીને હું રૂપી જે આત્મા તે સહુવરતમાન આ જગતને વિભાવના કરતા એવા તમે હો છો. જે પ્રમાણે સમુદ્રને વીશે જળ દુધને વીશે દુધ, આકાશ, ને વિશે આકાશ અને વાયુને વીશે વાયુ, એ પ્રમાણે તમે ભેદ પણા વડે કરીને સરવે જગતને વીશે વિભાવના (વીચરો) છો. ॥ ૩૩ ॥

इथंयदिक्षेतूयदिलोकसंस्थतो ॥
जगन्मृषैवेतिविभावयन्मुनिः ॥
निराकृतत्वाश्रतियुक्तिमानतो ॥
यथेंदुभेदेदिशिदिग्ममादय ॥ ३४ ॥

વળી એ પ્રકારે આ લોકને વીશે

તમને રહેલા જુવે છે. અને જગત મી
થ્યા છે એ પ્રમાણે વીભાવના કરનારો મુ
ની જે તેણે નીરાકરણ કરયું છે એવા જે
શાસ્ત્રની યુક્તીને જાણનારો મુની છે તે ત
મારા ભેદને કેવી રીતે જાણી શકે છે. જેમ
ચંદ્રમાનો ભેદ દીશાઓને વીશે જાણાય
છે (એટલે મેરૂના પશ્ચીમ ભાગને વીશે
અંધકારને પુર્વ ભાગને વીશે અજવાળું
એમ ઉદયને અસ્ત પણાને લોક જાણે છે
તેમ, તેતો મુની તમારા ભીન્ન ભીન્ન ભેદને
જાણે છે. ॥ ૩૪ ॥

यावन्नपस्येदखिलंत्वदात्मकं ॥
तावत्त्वदाराधनतत्परोभवेत् ॥
श्रद्धयालुरित्युर्जितभक्तिलक्षणो ॥
यस्तस्यदृश्योत्वमहर्निशंहृदि ॥३५॥

વળી હે વીશ્વકરમા ભગવાન જહાં

સુધી પુરૂષ સમગ્ર જગતને તમારા રૂપ નથી જોતો ત્યાં સુધી તમારા આરાધન ને વીશે તત્પર હોય છે. અને ઘણો શ્ર દ્યાળુ હોય છે. અને અનેક પ્રકાર વડે કરીને ભકતીનાં લક્ષણ અત્યંત સંપાદન કરેછે એવો જે નવધા પ્રકારની ભકતીનો કરનારો ભકત તેના રહૃદયને વીશે તમે રાતને દીવસ રહોછો. ॥ એમ જણાઓ છો. ॥ ૩૫ ॥

तमात्मानंपरमत्वा ॥
परमात्मानमेवच ॥
आत्माबहिर्पुनरमृग्य
अहोज्ञजनताज्ञता ॥ ३६ ॥

વળી હે વીશ્વકરમા ભગવાન તમે સરવે જીવ પ્રાંણી માત્રના આત્માછો, તે તમને મુર્ત્યાદી રૂપ (મનુષ્ય માનેછે.) ને

પર જે મુત્યાદી તેને આત્મા રૂપ માને છે વળી શરીને આત્માને બારણે સોધે છે. માટે અહો ઈતિ આશ્ચર્ય એ આર્જ કતમાં આગનાની લોકોનું મોટું અગ્નાન પણું છે ॥ ૩૬ ॥

एकात्मत्वंभावयतात्वमेको ॥
नानाधियांयस्तमनेकरुपं ॥
अतींद्रियंसाक्षदयास्तविभ्रमं ॥
मनःपथान्संद्रियतेपदंते ॥ ३७ ॥

વળી હે પ્રભો તમારી એકજ પણાની ભાવના જે પુરૂષ કરેછે તેને તમે સરવત્ર એકજ દેખાઓ છો, અને નાના પ્રકારની તમારી જે ભાવના કરે છે તેને તમે અનેક રૂપ દેખાઓ છો, વળી તમે કેવા છો કે ઇંદ્રીયોની વાસનાને અતીક્રમણ કરનારાછો ને જગતના સાક્ષીભુત

છો, અને ઉદયને અસ્ત (જનમને મરણુનો) તમારે વીશે ભ્રમ નથી. એવી રીતથી તમારૂ ચોંતવન કરનારો પુરૂષ તમારા પદને પામે છે. ॥ ૩૭ ॥

नमोस्तुतेवृद्धतवाघ्रिपंकज ॥
कृत्याधृतंवक्षसिलक्षिसंप्रियातत् ॥
आक्रांतमकेनजगत्रयंपुरा ॥
धेयंमुनिंद्रैरभिमानवर्जितोः ॥ ३८॥

હે વરદ (હે વીશ્વકરમા પ્રભુ) પુર્વે કહેલા એવા તમારા ચરણારવિંદને નમસ્કાર કરીએ છીએ તે તમારા ચરણારવીંદ કેવા છે. ॥ ક્રત્યા (ક્રુતી દેવી) જે તમારી અરધાંગના તેણે હ્રદયને વીશે ધારણ કરેલા છે. ॥ હે પ્રભુ પુર્વે એક પગ વડે કરીને તમે ત્રીલોકને આાકર મણુ કરનારને અભીમાન થકી રીહીત. એવા, મુની લોકોએ

ધ્યાન કરેલું એવા, તમારા ચરણારબીં દને નમસ્કાર કરીએ છીએ. ॥ ૩૮ ॥

जगतामादिभुतस्त्वं
जगत्त्वंजगदाश्रयः ॥
सर्वभुतेष्वसंशक्त
एकाभातिभवान्परः ॥ ३९ ॥

વળી હે પ્રભુ તમે જગતના આદી ભુત છો. ને તમે જગત રૂપ પણ છો. ને વળી જગતના આશ્રય ભુત છો. ને સરવે ભુતને વીશે આશકતી નહીં પામેલા એવા ને માયા થકી પર (વેગલા) એવા એકલાજ શોભો છો. ॥ ૩૯ ॥

उँकारवाच्यंस्त्ववि
वाच्याम्विषयः पुमान् ॥
वाच्यवाचकभेदेन

भवानेवजगन्मया ॥ ४० ॥

વળી તમે ઓંકાર રૂપ છો ને વાણી ને વીશે આવતા નથી એવા છો વાચ્ય (જગત) વાચક (પોતે) એવા વાચ્ય વાચ કના ભેદ વડે કરીને તમે જગત મય છો. ॥ ૪૦ ॥

कार्यकारणकर्तत्वं
फलसाधनभेदतः ॥
एकोविभारिविश्वत्वं
माययाबहुरूपयोः ॥ ४१ ॥

કાર્ય (જગત) કારણ (જીવ) ને કરતા (પોતે) એ કરવા પણું તમારે વીશે છે એવું શાવડે કરીને જણાય છે કે ફલ સાધનના ભેદ વડે કરીને. વળી બહુ રૂપ એવી માયા વડે કરીને તમે વિશ્વરૂપ એ કજ શોભો છો. ॥ ૪૧ ॥

त्वन्मायामोहितधिय

स्त्वांनजाऽनंतितत्त्वतः ॥

मानुष्यंत्वाभिमन्यंते ॥

माइनंपरमेश्वरम् ॥ ४२ ॥

હે પ્રભુ તમારી માયા વડે કરીને મોહ પામેલા પુરૂષ તમને તત્વ થકી જાણતા નથી તમે ઈશ્વર રૂપ છો પણ મનુષ્ય તમને માઇક માને છે. પોતાના અજ્ઞાન વડે કરીને નીશ્ચય નથી કરતા. ॥ ૪૨ ॥

आकाशवत्वंसरवत्र

बहिरंतरगतोऽमलः ॥

असंगोह्यचलोनित्यः

शुद्धयोबुद्धः सदव्ययः ॥ ४३ ॥

અને હે વિશ્વકરમા ભગવાન તમે

આકાશની પેઠે સરવે સ્થળને વીશે બહા
ર અને ભીતર રહ્યા છો. વળી તમે કેવા
છો કે અસંગ છો અજર છો, નીત્ય છો,
સુદ્ધ છો બુદ્ધ છો, સદરૂપ અને અપ્ર
કાશ એવા તમે છો. ॥ ૪૩ ॥

नमस्तेदेवदेवेशः
ब्रह्मांडोद्भवकारण ॥
कृतिपतिनमस्तेस्तु
वांग्मनोकायभिसह ॥ ४४ ॥

હે ઇંદ્રાદી દેવના ઈશ્વર ને હે બ્રહ્માં
ડના ઉત્પન્નના કારણ એવા હે ક્રુતી
ના સ્વામી અમે વાંણીમન ને દેહના સં
ગાથે તમને નમસ્કાર કરીએ છીએ ॥૪૪॥

॥ वसुरुवाच ॥

जानेत्वामिश्यंसर्वस्य

जगतयोनिर्बीजयोः ॥
श्रष्टीकर्ताचशक्तेत्वं
यत्ततब्रह्मनिरंतरं ॥४५ ॥

હે વિશ્વકરમા પ્રભુ તમોને જગતના ઈશ્વરને યોની બીજના કારણ એવા હું જાણું છું શ્રૃષ્ટી કરવાની એવી શકતીને હું જાણું છું અને નીરંતર બ્રહ્મરૂપ આ પ છો તે હું જાણું છું ॥ ૪૫ ॥

त्वमेवभगवान्नेतत्
दंपत्योचस्वरूपयोः ॥
विश्वसृजार्शिपाततं
क्रिडंन्नुर्णपटोयथा ॥ ४६ ॥

અને હે ભગવાન તમે સ્ત્રી પુરૂષના રૂપને ધારણ કરીને આ વીશ્વ ન તેને ક્રીડા કરવતા હોયને શું; તેમ જણાય છે

વળી તેને ઉત્પન્ન, પાલ, ને સંહાર પણ કરો છો. જેમ કરોલીઓ પોતાના મુખ માંથી જાળ કાડીને તેમાં ક્રીડા કરેછે તેમ તમે તમારી માયારૂપી જાળમાં સરવેને રમાડો છો. ॥ ૪૬ ॥

त्वमेवधमार्थदुघाभिपतए ॥
दक्षेणसुत्रेणससर्जिथाद्वर ॥
त्वइवलोंकेवशिताश्चशेतवो ॥
याब्रह्मणाश्रद्धघृतेधृतवृता॥४७॥

વળી હે ભગવાન તમે ધંમ, અર્થ, કામ, ને મોક્ષની પ્રાપ્તીને અરથે કરીને દક્ષ પ્રજાપતી રૂપી નીમિત્ય વડે કરીને જ્ઞાન રૂપી યજ્ઞને સરજતા હવા, એવા તમે દયાલું છો. અને હે મહારાજ તમે આ લોકને વીશે સારા મારગ એટલે નાના પ્રકારનાં આ જકતમાં સત ધર્મ તેને

સ્થાપન કરોછો. જે માર્ગો બ્રાહ્મણ લોકો અંગિકાર કરી નાના પ્રકારનાં વ્રત ધાર કરીને શ્રધ્યાયુકત થઇને વરતે છે એવા તમે પરમાર્થ રૂપ છો. ॥ ૪૭ ॥

त्वंकर्मणमंगलमंगलानां ॥
कर्त्तुस्मलोकंतनुसेस्वपरंवा ॥
अमंगलानांचतमिश्रमुल्वणां ॥
विपर्यःकेनतदेवकस्यचित् ॥४८ ॥

હે મંગલ રૂપ વિશ્વકરમા તમે મંગલ એવાં કર્મ પોતાનાં તે વડે કરીને જે તમારા ભકત છે, તેમને આ લોકને વિશે વીસ્તાર પામાડો છો. ॥ અને વળી આ જકતમાં જે અમંગલ (દુષ્ટ) જીવાત્મા છે. તેમને ઉલ્વણ (પ્રચંડ) એવા અંધકારને આપો છો ને કોઇ એક ભકત જનને મંગલ પદાર્થ આપો છો ॥ ૪૮ ॥

नवैसतांतत्चरणार्पितात्मना ॥
भुतेषुसर्वेष्वपिपश्यतातवः ॥
भुतानिचात्मन्यपृथक्दिद्दक्षतां ॥
प्रायेणदोषेभिभवेद्यथात्वमे ॥ ४९ ॥

અને વળી હે વિશ્વકરમા ભગવાન તમારા ચરણારવીંદને વિશે અરપણ કરયા છે આત્મા તે જેમને એવા ને સરવે પ્રાંણી માત્રને વિશે તમારાજ સ્વ રૂપને જોનારા અને પ્રાણી માત્રને પોતા ના થકી જુદા નહીં દેખનારા એવા જે આ જકતમાં ભકત છે, તેમને બહુધા પ્ર કાર વડે કરીને જે આ સંસારના દોષ તે વિભાવીત (પરાજય કરે છેશું) નાના કોઈ પ્રકારે નથી કરી શકતા. જે પ્રમાણે તે દોષ તમને પરાજય કરી શકતા નથી તેમ. ॥ ૪૯ ॥

प्रथकृद्दशकर्मधियोदुराशया ॥
परोदयेनापितदग्धुजोनिशं ॥
अतोनमस्तेभवकारणात्वं ॥
परात्परंसर्वजगन्निवासं ॥ ५० ॥

હે પ્રભુ આ સંસારમાં જુદી જુદી દ્રષ્ટીયો જેમની છે. અને તેમને વીશે જેમની બુદ્ધીયો રહેલી છે. ને જેમનાં અંતઃકરણ દુષ્ટ છે. એવા અને પારકાના ઉદય વડે કરીને (સામાની સારી બુદ્ધી સારાં લક્ષણને સદ કરમ અને ભકતી ભાવ) જોઇ ને પોતાના રદયને વીશે સદાએ ઈરશ્યા રહેલી છે. કોની પેઠે જેમ રોગ વડે કરીને રોગીનું શરીર ક્રસ્ય થઈ જાય છે. તેમ તે પુરૂષોનાં ઈરસ્યા એ કરીને રદય બલે છે. તેથી પુર્વનાં જે સદકર્મ તે પણ બળી ભસ્મ થઈ જાય છે. એવી રીત સં

સારી લોકો દીવસ ગમાવે છે. એજકાર માટે આ સંસારના કારણ ભુત એવાને માયા થકી પર એવા હે પ્રભુ તમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૫૦ ॥

यस्मिन्यदापुष्करनाभमायया: ॥
दुरंतयास्पष्टधियपृथक्दृश: ॥
कुर्वंतितत्रह्ननुकंपयाकृपा ॥
नसाधवोदैवबलात्कृतेक्रमम् ॥५१॥

હે પુષ્કરનાભ (હે કંમલના સરખી નાભીવાળા) પ્રભુ જે પુરૂષોની જેનો પાર ન આવે એવી તમારી માઆ એ સ્પર્શ કરેલીઓ છે બુદ્ધીઓ જેમની એવા ને જુદી જુદી દ્રષ્ટીઓ છે જેમની, એવા છે તો પણ સાધુ લોકો તેમના અવગુણ નહીં જોતાં સેહેજે કૃપા કરે છે. કાંઇ અનુક્રમ (વખત) જોતા નથી. કેમ તેમના

રહ્યૅ ને વીશે કાંઇ ઇચ્છયા ભાવ નથી.
॥ ૫૧ ॥

भवांस्तुपुरुषपरमर्षमायया ॥
दुरंतयायस्यमतिसमस्तहक ॥
तवैवरूपेहतकर्मचित्तयो ॥
स्वनुग्रहंकर्त्तुमिहार्हसिप्रभो ॥ ५२ ॥

અને હે ભગવાન તમે કેવા છો પર
આત્મ સ્વરૂપની દુરંત્ય (માયા) તેણે તમા
રી બુદ્ધિઓને સ્પર્શ કરી નથી. ને સમ
સ્ત જગતને વીશે આત્મ સ્વરૂપને જોના
રા એવા તમે છો. અને તમારાજ સ્વરૂપ
વડે કરીને હણાયાં છે કર્મ ને ચીત જેમા
નાં એવા હે વિશ્વકરમા પ્રભુ તમે આ
મારા ઉપર અનુગ્રહ કરાવાને યોગ્ય
છો. ॥ ૫૨ ॥

नमोनमंल्केशविनाशनाय ॥
जगत्प्रतेत्वंजनितोमयाच ॥
वरश्चजाताअयमेवस्माकं ॥
ततोममपंचमुखिनमस्ते ॥ ५३ ॥

હે જગતપતે (હે જગતના સ્વામી) અને વળી અમારા જે સંસારના નાના પ્રકારના કલેશ તેને નાશ કરવાને અરથે તમને નમસ્કાર કરીએ છીએ ॥ શા કારણથી કે અમારા ઉપર અનુગ્રહ કરીને અમને ઉત્પન કર્યા છે એજ મોટો અમારે તમારો વરદાન જાણવો માટે હે પંચ મુખવાલા પ્રભુ તમને નમસ્કાર કરીએ છીએ. ॥ ૫૩ ॥

त्वमस्यविश्वस्यचराचरस्य
कर्तापित्रातताचभवस्यहर्ता ॥

त्वमस्यआदिस्त्वमस्यमध्य ॥
त्वमस्यमंतोत्रिगुणात्मनस्यच ॥ ५४ ॥

ત્વંમ (તમે) આસ્થાવર જંગમ એવું આ વીશ્વ તેના કરતા છો ને પાલણના કરનાર ને સંહાર કરનાર એવા ત્રીગુણ રૂપ છો ને ત્રીગુણાત્મક એવું આ જગત એના આદી મધ્યને અંતને વીશે તમેજ વ્યાપી રહેલા છો. ॥ ૫૪ ॥

अहोअजन्मानिजजन्मप्राप्तः ॥
गुणांसमुहांप्रभवंत्वमधः ॥
हितायलोकत्वमस्यतेवपु ॥
नतोस्मितेदेवपदारविंदं ॥ ५५ ॥

અહો ઇતિ આશ્ચર્ય હે ભંગવાન પુર્વે કહ્યા એવા તમે નિરગુણ આત્મા રૂપ અને અજન્મા વળી આ ગુણનો જે

આદી, મધ્ય ને, અંતનો સમુહ તે સાક્ષાતકાર તમારા થકી ઉત્પન્ન થાય છે. તો પણ તેને વીશે તમે સગુણ રૂપ ધારણ કરી જન્મલોછો એ મોટું આશ્ચર્ય છે. પણ આજે તમારો દેહ તે લોકના કલ્યાણને અરથે ધારણ કરો છો એવાહે વિશ્વકરમા ભગવાન તમારા ચરણ કમલને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. ॥ ૫૫ ॥

ऋषिरुवाच ॥

यद्यत्समुत्पन्नमनंतश्रष्टो ॥
उप्तत्स्यतेयभवच्चयच्च ॥
नादृश्यतेस्थावरजंगमादौ ॥
त्वयाविनाकिंपरतःपरस्त्मम् ॥ ५६ ॥

રષી—હે ભગવાન આ અનંત શ્રૃષ્ટી

ને વીશે જે જે પ્રગટ થયું છે. તે ઉત્પન્ન થઇ ને જન્મ રહીત એવા હે પ્રભુ પાછું તે તમારે વીશે લય પામી જાય છે ને પછી તે જણાતું નથી. શું સ્થાવરને જંગમ આદી સરવે જગત ।। માટે માયા થકી પર એવા તમારા વીના બીજું કશુંએ નથી ને આ દ્રષ્ટી એ જણાય છે તે બધું જુઠું છે. ।। ૫૬ ।।

तत्वंनजानंतिपरमात्मनस्ते ॥
जनासमस्तास्तवमाययात् ॥
त्वद्भक्तशेवामलमानसानां ॥
विभातितत्वपरमेकमिश्यं ॥ ५७ ॥

અને તમારી માયા એ ગ્રહણ કરેલા એવા જન (લોક) તે પરમાત્મા સ્વરૂપને જાણતા નથી પણ તમારા ભકતની સેવા વડે કરીને જે પુરૂષનાં નીરમલ અં

તઃકરણ થયાં હોય છે. તે તમને જાણેછે અને તેને તમે કેવા શોભો છો કે પરમ એક સ્વરૂપ (ઈશ્વર રૂપ શોભો છો. ૫૭।

ब्रह्मादयस्तेनविदुःस्वरुपं ॥
चिदात्मतत्वबहिर्थभावा ॥
ततोबुधस्त्वांमिदमेवरुपं
भक्त्याभजनमुक्तिमुपैत्त्यदुःखा॥५८॥

અને વળી બહાર છે અરથ ભાવ જેમના (માયાને સાચી માનનારા) જે બ્રહ્મા દિક દેવ, તેઓ પણ તમારા સ્વરૂપને ચૈતન્ય રૂપી ચીદાત્મ તત્વને જાણતા નથી, તે કારણ માટે બુધ જે (પંડીત છે) તે એજ રૂપને ભકતી વડે કરીને ભજતા સતા દુઃખ રહીત થઈને મુકતીને પામે છે. ॥ ૫૮ ॥

खेवाद्यैपुध्वनत्सुप्रमुदितह्रदये
देववृंदैःस्तुवद्भिः ॥
पुष्पवृष्टीदिविमुनीनिकरै
अयमानोसमन्नात् ॥
विश्वसृष्टाप्रसन्नास्मितरुचीरमुख
सुर्यकोटिप्रकाश
कृत्यापुत्रेणयुक्तदेवकृभिः
सैव्यमानोविभाति ॥ ५९ ॥

વળી હે વીશ્વકરમા ભગવાન, આકા
શને વીશે વાજીંત્ર વાગતે સતે ને પ્રફુલી
ત છે જેમનાં રહ્દય એ વડે કરીને સ્તુતી
કરતા એવાં દેવનાં વૃંદ (જુથ) એ વડે
કરીને શોભો છો, અને વળી સ્વરગને વીશે
મુનીના સમુહ તેમણે ચારે પાસેથી પુષ્પની

વૃષ્ટી કરેલા એવા ને વીશ્વના સરજનારે ને પ્રસંન હાસ્ય મુકત સુંદીર છે કોટી સુર્યના સરખો મુખનો પ્રકાશ એવા વળી કૃતી આદી પુત્ર પરીવાર સહુવરતમાન એવાને રુષી લોકોએ સેવન કરેલા એવા રૂડે પ્રકારે શોભો છો ॥ ૫૯ ॥

एवंसदाजातपरमात्मभावना ॥
स्वानंदतुष्टःपरिमिस्मृताखिलः ॥
आस्तेसनित्यात्मसुखप्रकाशकः ॥
साक्षाद्विमुक्तोऽचलवारिसिंधुवत् ६०

અર્થ (પુર્વે કહ્યા એ પ્રકારે) નિરંતર ઉત્પન્ન થએલી છે જેમને પરમાત્માની ભાવના (પ્રીતી) અને આનંદ વડે કરીને સંતોષ પામેલો એવો. અને સમગ્ર વીશ્વ તેને પરમાત્મા સ્વરૂપ જાંણી સમઝી કરનારો અને નિરંતર આત્માના સુખ

વડે કરીને પ્રકાશ રૂપ એવો ભકત ને સા
ક્ષાતકાર મુકત થઓ સતો સમુદ્રના સર
ખો સદાએ ગંભીર રહે છે. ॥ ૬૦ ॥

एंवसदाभ्यस्तसमाधियोगिनो ॥
निर्वृत्तसर्वोद्रिंयगोचरस्यहि॥
विनिर्जितशेषारिपोरहंसदा ॥
दश्योभवेयंजितषद्गुणात्मन ॥ ६१ ॥

વલી એ પ્રમાણે નિરંતર અભ્યાસ
કર્યો છે સમાધી યોગ જેણે, એવો અને
ઇદ્રીયોના વીશય થકી નિરવરતી પામેલો
ને વળી કામ, ક્રોધ, લોભ મોહ, મંત્છર
ને અહંકારાદી છ શત્રુ જેને જીત્યા છે
અને છ ગુણ છઉ રમિ॥ જેણે જીતી છે
એવો ભકત હોય છે. ॥ ૬૧ ॥

ध्यात्वैवमात्मानमहर्निशंमुनी ॥

तिष्टेसदामुक्तसमस्तबंधनः ॥
प्रारब्धमश्नन्नभिमानवर्जितो ॥
त्वइएवसाक्षात्प्रविलियतेततः।६२।

પુરવે કહ્યા એવા મુની છે તે અહુર નીશ (રાતને દીવસ) એ પ્રમાણે ધ્યાન કરીને નીરંતર મુકત થયેલા છે. સમસ્ત સંસારના બંધન, એવા સતા પોતે સ્થીર થઈને સંસારમાં અભીમાન થકી રહીત થઈને રહે છે. જ્યાંહાં સુધી પોતાનાં પ્રારબ્ધં કરમ ભોગવવાનાં છે. ત્યાં સુધી ને તે કરમ ભોગવી રહ્યા કેડે તે મુની તં મારે વીશે લય પામી જાય છે.॥ ૬૨ ॥

आदौचमध्येचतथैवचांत ॥
भवंविदित्वाभयशोककारणं ॥
हित्वासमस्तंविधिवादचोदितं ॥

भजेत्स्वमात्मानमथाखिलात्मनां

॥ ६३ ॥

વળી હે વીશ્વકરમા પ્રભુ આ સંસાર આદીથી તે મધ્યને અંત સુધી ભય અને શોકમોજે ભરેલો છે. એવો અનેક પ્રકારના દુઃખનો ભરેલો સંસાર જાણીને વિધી વાક્ય વડે કરીને પ્રેરેલો પુરૂષ સમસ્ત પ્રપંચને ત્યાગ કરીને, સમગ્રના આત્મા એવા હે પ્રભુ તમને ભજે છે.॥૬૩॥

त्वंशुद्धबुद्धोस्येहिसर्वदेहिनां

मात्मन्याधिष्योगुणवान्गुणज्ञ ॥

गुणंसमुहोप्रभयात्यमस्य ॥

तंन्नोस्मिविश्वकर्मणायतस्य ॥ ६४ ॥

હે પ્રભો વળી તમે કેવા છો શુદ્ધને બુધ (નામ જાણવાળા છો) ને સરવે પ્રાં

ाणीना આત્મા છો ને સરવેના સાક્ષી
છો, અને ગુણવાન ને સરવે પ્રકારના ગુ
ણને જાંણનારા છો, વળી ગુણના સમુહ
ને થકી ઉત્પન્ન થાય છે એવા છો ને
આ વીશ્વનેપ્રગટ કરવા માટે પ્રયાસના ક
રનાર એવા હે વીશ્વ કરમા તમને નમસ્કા
ર કરીએ છીએ. ॥ ६४ ॥

॥ देव्युवाच ॥

रूपंयत्तन्प्राहुरव्यक्तमाद्यं ॥
ब्रह्मज्योतिर्निर्गुणंनिर्विकारं ॥
सत्तामात्रंनिर्विशेषंनिरिह ॥
सत्वंसाक्षातसृष्टीरध्यात्मदिपः। ६५।

દેવીઓ—હે વિશ્વકરમા ભગવાન
ને, તે, આત્મા રૂપ છે. તેને અપ્રકાશ ન
આદી એવું કહે છે. ને વળી કેવું છે.
કે બ્રહ્મ રૂપ છે (જયોતી) નામ (તે નાસય

ગુણ થકી રહીત (નીરગુણ) ને વીકારથી (પંચ મહા ભુતથી) રહીત, ને સ્વસતા માત્ર (જેનાથી કાંઇ પણ વીશેષ નથી) ને (નિરીહં) નામ (ચેષ્ટાથી) રહીત એવી રીતે તમારૂં રૂપ કહેછે. તે તમે વીશ્વ કરમારૂપ જ્ઞાન રૂપી દીવો પ્રગટ થયા છો, અને સરવે જગતને સરજનાર એવા. ॥ ૬૫ ॥

नेष्टेलोकेद्विपरार्द्धावसाने ॥
महाभुतेष्वादिभुतंगतेषु ॥
व्यक्तेव्यक्तकालवेगेनयाते ॥
भवानेकशेष्यतेशेषसंज्ञा ॥ ६६ ॥

વળી હે પ્રભો આ લોકનો જ્યારે નાશ થાયછે ત્યારે, અને બ્રહ્માનો જ્યારે બે પ્રાર્ધ વરસનો આયુરદા સમાપ્ત થાય છે ત્યારે, ને પંચ મહા ભુત આદી મહા

ભુત (વઈરાટ) એ વઈરાટમાં લય પામે તે સતે કાળના વેગ વડે કરીને વ્યકત જે પ્રકાશ રૂપ એવું જે વઈરાટ તે અવ્યકત નામ (આપ્રકાશ) એવા સ્વરૂપ ને વીશે લય પામતે સતે તમો એકલાજ શેશનામ ધારણ કરીને શેષ રહ્યા છો, મહા પ્રલય ના અંતે ॥ ૬૬ ॥

योयंकालतस्यतेऽव्यक्तबंघो ॥
चेष्टामहुचेष्टतेएनविश्वं ॥
निमेषादिवत्सारांतोमहियान् ॥
तत्वेज्ञानंक्षेमधामप्रपद्यै ॥ ६७ ॥

હે અવ્યકત બંધો (આ જીવના બંધો નિમેષ (આંખના પલકારા) ને આદી લેઇને બારમાશ પરીયંતનો જે મોટો કાળ એ તમારી ચેષ્ટાજ છે. જેણે કરીને આ બધું વીશ્વ ચેષ્ટા પામે છે તે કારણ માટે

કલ્યાણનું ધામ એવું જે તમારૂં જ્ઞાન તેને અમે શરણ પામીએ છીએ. ॥૬૭॥

मृत्येऽमृत्युव्यालभितःपलायन् ॥
लोकान्सर्वान्निर्भयंनाध्यगछन् ॥
त्वत्पादाज्बंप्राप्ययदृछयाद्य ॥
स्वस्तंशेतेमृत्युरस्मादपैनि ॥ ६८ ॥

અને મત્યુનો મત્યુ જે કાળ રૂપી સરપ, તેનાથી ભય પામીને નાસતો એવો જે પુરૂષ, તે શરવે લોકને નીરભય એવા નાતો હવો. ॥ પછી ઇશ્વર ઇછા વડે કરી ને હવડાં તમારા ચરણ કમળના શરણ પામીને સ્વસ્થ થયો સતો સુવે છે. ને તમારા જે ચરણ કમળ તેનાથી મત્યુનો ભય નાશી જાય છે. ॥ ૬૮ ॥

सवैकिलायांपुरुषःपुरातमनो ॥

यएकआसिदविशेपआत्मनी ॥
अग्रेगुणेभ्योजगदात्मानिस्वेर ॥
निमिलितात्मानिसुसप्तशाक्तिषु॥६९।

હે પ્રભુ એ માટે કરીને નીશ્ચય તમે પુરાતન પુરૂષ છો. ને વલી એકજ રૂપ છો તમારાથી બીજો કોઈ વીશેષ નથી ને શત્વ ગુણ, રજો ગુણ અને તમો ગુણ એ ત્રીગુણની આદી તમો હોતા હવા અને આ જગતના અંતને વીશે સુઈ ગઈઓ છે શકતીઓ જેની એવી નીંદ્રાને ધારણ કરો છો. ॥ ६९ ॥

सएवभुयोनिजविर्यचोदिता ॥
स्वजिवमायांप्रकृतिंशिसृक्षति ॥
अनामरुपात्मनिरुपनाम्नि ॥

विधिछमानोऽनुसारशास्त्रकृत्॥७०॥

અને તે નીંદ્રાથી જ્યારે જાગો છો ત્યારે ફરીને તમો પોતાના પરાક્રમ વડે કરીને પ્રેરણા કરેલી એવી જે જીવની માયા, તે કેવી શ્રૃષ્ટીને સરજનારી તેને અનુસરતા હવા. ॥ વળી વીશ્વકરમા પ્રભુ તમે કેવા છો કે નામને રૂપ તમારૂ નથી એવા આત્માને વીશે નામને રૂપ ધારણ કરો છો. ને વળી સરવે સાસ્ત્રના રચનાર અને માયાને અનું સરેલા એવાછો. ॥७०॥

सवाअयंयत्त्पदमत्रसुरियों ॥
जितेंद्रियानिर्जितमातरिस्वनः ॥
पश्यंतिभक्त्युत्कलितामलात्मना ॥
नन्वेशसत्वंपरिमाष्ट्मर्हति ॥ ७१ ॥

અને હે ભગવાન તમે કેવા છો કે તમારા પદને આ લોકમાં સુરી (પંડીત) લોકો જુવે છે તે પંડીતો કેવા કે જેમણે પોતાની ઈંદ્રીઓ જીતેલી છે, ને પંચ પ્રાણ (વાયુ) પણ તેમણે જીત્યા છે એવા તે કીયા પ્રકાર વડે કરીને તમારા પદને જુવે છે. તમારી નવધા પ્રકારની ભકતી વડે કરીને તમને નીશ્ચય જુવે છે. માટે હે ઈશ તમે ભકત લોકનાં મન શુધ કરવા ને યોગ્ય છો. ॥ ૭૧ ॥

सवाअयंत्वदनुगितःसत्कथो ॥
वेदेषुगुह्येषुचगुह्यवादिभि ॥
यएकइष्योजगदात्मालिलया ॥
सृजत्यवतृत्यक्तिनतत्रसज्जते॥७२॥

વળી હે વીશ્વકરસા પ્રભુ તમે કેવા છો કે વેદને વીશે જે ગુહ્ય વાદ કરનારા

એવા જે તમારા ભકત જેમણે સત કથા ગાયન કરી છે એવા તમે છો. વળી તમે એકજ ઇશ (શીક્ષક છો.) એવા પોતાની લીલા વડે કરીને આજે અખીલ જગત તેને સૃજો છો ને વળી રક્ષણ પણ કરો છો ને કાળ રૂપ થઇને સંહાર પણ કરો એટલું કરયા છતાં પણ તે જગતના વીશે આશકતી પામતા નથી. ॥ ૭૨ ॥

यदाह्यधर्मेणतमोधियोभवान् ॥
जिवंतितत्रेसह्रिसत्वततुकिल ॥
धत्तेभगंसत्यमृतंदयांयशो ॥
भवायरुपाणिदधत्युगेयुगे ॥ ७३ ॥

અને જ્યારે અધરમ વડે કરીને તમો ગુણવાન લોક થાય છે તે વારે તે નાશ પામે છે, એટલે તમે તમારા સત્વ ગુણ વડે પગટ કરીને તે નાશ પામેલા લોકને

જીવતા કરો છો. એ સત્વ ગુણ થકી ભાગ્ય, સત્ય, દયા, અમરત યશ એટલા વાનાં તમે ધારણ કરો છો. માટે આ લોકના કલ્યાણને અરથે કરીને હે પ્રભુ તમે યુગ યુગને વીશે રૂપ પ્રગટ કરો છો. ૭૩.

त्वयास्वरूपेत्रिगुणाऽत्मनःप्रभो
स्वरूपसौंदुर्यःविशालनेत्रं ॥
पतिंमृतामांमजतोपतिंमृते ॥
तथापिमेत्वांभवमिशमिड्यां ॥ ७४ ॥

દેવીઓ—હે વીશ્વકરમા પ્રભુ તમે ત્રીગુણાત્મ સ્વરૂપના સુંદર પણાને ધારણ કરો છો. હે વીશાળનેત્રવાળા પતીવૃતાજે સ્ત્રી છે તે પોતાના સ્વામીને ભજે છે અવરને ભજતી નથી પણ તમે પરમાત્મા સ્વરૂપ છો માટે અમારે ભજવા યોગ્ય છો ને, અમારા ઇશ્વર છો માટે સ્તુતી કરીએ છીએ. ॥ ૭૪ ॥

॥ सर्वेदेवउवाच ॥

सविश्वकर्माणमिदंबभासे ॥

बभुततेजोमयादिव्यमुर्ति ॥

विष्णुतथाब्रह्मसुरेंद्रमुख्या ॥

देवानसिद्धामुनयश्चयक्षा ॥ ७५ ॥

સરવે દેવ—પુરવે કહ્યા એવા જે વીશ્વ કરમા તેમની પ્રત્યે વીષ્ણુ બ્રહ્માને ઈંદ્રાદીક જે દેવતા તથા સીદ્ધ તથા મુની, યક્ષ લોક આદે લેઇ સમગ્ર દેવતાઓ એકઠા મલીને શું કહે છે. હે પ્રભો તમે તેજામય મુરતી હોતા હવા. ॥ ૭૫ ॥

तत्रोतमोतत्गुणाकरतलेषु ॥

सुत्रद्भुतंतद्भयवर्द्धनानि

हितंभवालोकंकामनार्थः ॥

ततोश्रीविश्वकर्मानमस्ते ॥ ७६ ॥

વળી તે થકી અનંતર હે પ્રભુ તમે હસ્તને વીશે અદભુત ચાર પદાર્થ (આયુધ) સુત્ર આદી લેઈને ગજ, જ્ઞાન પુસ્તક ને માળા, તેને ધારણ કરનારા એવા. એ પદાર્થ શા માટે ધારણ કરો છો. આસર વે જે લોક તેમના મનોરથ પરીપુર્ણ કરવા ને દુષ્ટ જનને ભયની વરધી કરવાને. એવા આયુધના ધારણ કરનાર હે ભગવાન તમને નમસ્કાર કરીએ છીએ.॥ ૭૬ ॥

नतोस्मितेदेवमनाथमव्ययं ॥
प्रधानमव्यक्तगुणांमहांतं ॥
अकार्णंकारणकारणापरं ॥
शिल्पाचिदानंदमयंप्रशांत ॥ ७७ ॥

વળી હે પ્રભુ તમે કેવા છો કે તમારે

કોઈ નાથ નથી એવા અનાથ છો એટલે તમારાથી કોઈ મોટો નથી. ને અપ્રકાશ છો, ને સરવેથી આદી પુરૂષ છો, ને અવ્યકત (આકાશનો ગુણ) તે નથી એવા છો. ને સરવે દેવતાઓમાં મહાંત રૂપ છો.॥ વળી તમે આકારણ એવા, નીરાકરણના કારણ (માયાના કારણ) અને વળી તે માયા થકી વેગળા ને શતચીતાનંદ, પ્રશાંત સ્વરૂપ એવા વીશ્વકરમા રૂપ તમને અમે નમસ્કાર કરીએ છીએ. ॥ ૭૭ ॥

त्वंविश्वसाक्षीजगतोप्यकर्ता ॥
विशुद्धधामाहृदिसान्निविष्टा ॥
अतोविचिन्वंतिविधौविपश्चीतो ॥
योगैरनेकैकृतचित्तरोधैः ॥ ७८ ॥

વળી હે પ્રભુ તમે વીશ્વના શાક્ષીને જગતના કરતા એવા છો ને તમારૂં ધામ

ઘણું ગુપ્ત છે. એવા છતાં હૃદયનેવિશે નિવાસ આત્મ રૂપ થઇને કરનારા છો. એટલા માટે કરીને વિદ્વાન લોક નાના પ્રકારના યોગ વડે કરીને અને ચીતના રોધ વડે કરીને તમને સોધે છે. ॥ ૭૮ ॥

नत्वांदुरापंवचसाधियश्च ॥
व्यपेतमोहंपरामात्मरूपं ॥
गुणौकनिष्टाप्रकृतौविलिनाः ॥
कथंअमुस्तोतुमलंगिरोमे ॥ ७९ ॥

અને હે પ્રભો તમે કેવા છો. મન ને બુદ્ધીથી દુર છો ને નાના પ્રકારના માયા ના મોહ તે તમને વ્યાસમાન નથી તે થકી રહીત છો ને પરમાત્મ રૂપ છો, એવાને જે પુરૂષો માયાના ગુણને વીશે એક નીષ્ટ છે તે પુરૂષો તમને કયાંથી આ

ળખે; માટે હે પ્રભો અમારી પણ વાંણી આટલેથી પરી પુર્ણ તમારા ગુણ ગણ વાને સામર્થ્ય નથી. ॥ ૭૯ ॥

तथापिभक्ताश्रयतामुपेयु ॥
स्तवांग्रीपद्मंप्रणातार्तिमंजनं ॥
सुधोरसंसारदवाग्नीपिडितो ॥
भजामिनित्यंभवाभितिशांतये॥८०॥

તોએ પણ ભકતને આસરાના આપનાર ને શરણાંગતની પીડાના ભાગનાર એવા તમારા ચરણકમળને નમસ્કાર કરીએ છીએ ॥ અને હે પ્રભો ઘોર (સંસાર) રૂપી દવનો આગની તેણે કરીજે પીડા પામેલા એવા જે અમે આ સંસારના ભયની શાંતીના અરથે નીરંતર તમને ભજીએ છીએ ॥ ૮૦॥

नंमस्तेदेवदेवाय

जगत्वाशिनमोस्तुते ॥
सदाशांतस्वरुपाय
पंचवक्रायतेनमः ॥ ८१ ॥

હે વીશ્વકરમા પ્રભુ તમે દેવનાએ દેવ છો ને આ જગતને વીશે નીવાસ કરનારા એવા નીરંતર શાંત સ્વરૂપ અને પંચ મુખછે જેમને એવા અમે તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૮૧ ॥

विश्वव्यापिनमःस्तुभ्यं ॥
त्रिनेत्रायनमोस्तुते ॥
कुंडलिनेनमस्तुभ्यं
सुमुखायनमोस्तुते ॥ ८२ ॥

વલી હે ભગવાન તમે આ વીશ્વને વીશે વ્યાપમાન એવા ને ત્રીનેત્ર એવા

તમને નમસ્કાર કરીએ છીએ ॥ વળી કુંડળના ધારણ કરનાર ને શુંદરછે મુખ જેમનું એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૮૨ ॥

प्रसन्नायसदास्तुभ्यं
सहस्त्रवदनायच ॥
त्रिगुणात्मानमःस्तुभ्यं
वामांगंकृतिमास्थिता ॥ ८३ ॥

અને નીરંતર પ્રસન એવાને હજાર મુખ છે જેને એવાને નમસ્કાર કરીએ., છીએ વળી ત્રણ ગુણના આત્મારૂપ એવા અને વામઅંગ (ડાબા અંગ) ને વીશે સ્થીર થઈને રહેલાં છે કૃતી એવા કૃતી સાહ વરતમાન તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૮૩ ॥

चर्तुर्भुजायदेवाय

नमःस्तुभ्यंपरमात्मने ॥
श्रुध्यस्फाटिकशंकाशं
करपुरगौरवायच ॥ ८४ ॥

વળી હે ભગવાન રૂડા એવા ચારછે ભુજ જેને ને પરમાત્મા સ્વરૂપ એવા દેવ ને નમસ્કાર કરીએ છીએ ॥ વળી શુધ્ય સ્ફટિક મણીના સરખા તેજસ્વી, અને કરપુરના સરખો ગોર વરણછે જેનો એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૮૪ ॥

मुक्तिदायनमस्तेस्तु
भक्तिदायनमोस्तुते ॥
यत्किंचित्दृश्यतेरूपं
तत्तेजस्ताबकंस्मृतं ॥ ८५ ॥

વળી મુકતીને આપનારને રૂડી ભ

કતીને આપનાર એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ વળી જે કાંઈ આ સંસારને વીશે રૂપ દેખાયછે તે સરવે તમારૂંજ છે એવા હે વીશ્વકર્મા ભગવાન તમને અમે નમસ્કાર કરીએ છીએ ॥ ८५ ॥

देवदेवजगन्नाथ
श्रष्टीचोद्भवकारकः ॥
विश्वसृष्टादिलिलाय
नमोवेदांतपारगं ॥ ८६ ॥

હે દેવના દેવ ને હે જગતના સ્વાંમી, શ્રુષ્ટીના ઉપ્તન કરનાર અને આ વીશ્વને સરજનારી આદી લીલા તે જેમની અને વેદાંતના પારના પામનારા એવા હે પ્રભુ તમને નમસ્કાર કરીએ છીએ ॥ ८६ ॥

चतुर्भुजायनमःस्तेस्तु

पंचवक्त्रायनमोस्तुते ॥
स्त्रंवकायनमस्तुभ्यं
चैकमुखनमोनमः ॥ ८७ ॥

ચારછે હાથ જેને ને પંચછે મુખ જેનાં એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ અને વળી ત્રણ નેત્ર જેનાં છે ને એક મુખ જેનું છે એવાએ પણ વીશ્વકર્મા રૂપ તમને અમે નમસ્કાર કરી એ છીએ ॥ ૮૭ ॥

. स्तवस्वरूंपबहुरुपमग्रं
कामास्यदंहितमंदनृणांस्यात् ॥
त्वंदिर्घदेहंनतुकिल्विशंते ॥
अतोनमस्तेत्रिगुणात्मनोमे ॥ ८८ ॥

અને હે વીશ્વકર્મા ભગવાન તમારા

સ્વરૂપનું બહુ રૂપ અને ઉગ્ર (પ્રચંડછે) ને કામદેવના ધામ જેવું અને મનુષ્યના હીતનું કરનારૂં છે. વળી તમે દીર્ઘ દેહ છો ને તમારે વીશે કોઈ પ્રકારનાં કીલ્વીશ (પાપનથી.) અને કપટ પણ નથી. એ કારણ માટે ત્રીગુણના આત્મા એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૯૮ ॥

नमस्तेदेवदेवाय
नमस्तेत्रिगुणात्मने ॥
नमास्त्रिमुर्तिरूपाय
सर्गास्थित्यंतिकारिणे ॥ ८९ ॥

હે દેવના દેવ તમને નમસ્કાર કરીએ છીએ ને હે રજોગુણ તમોગુણ ને સત્વગુણ રૂપી આત્મા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ને હે શ્રષ્ટીના ઉત્પન પાલણ ને સંહારના કરનાર એવા બ્રહ્મા વીસ્નુને રૂદ્ર

રૂપ પ્રભુ મુર્તિને નમસ્કાર કરીએ છીએ ॥ ૮૯ ॥

नमोविश्वादिरूपाय
विश्वःप्रथमसाक्षिणे ॥
नमःसन्नमंत्रतत्वाय
प्रबोधानंदुघनायच ॥ ९० ॥

હે પ્રભુ આ વિશ્વના આદી રૂપ ને વિશ્વના પ્રથમ સાક્ષી રૂપ એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ વળી ઉતમ એવા જે મંત્ર તેના તત્વ રૂપ અને જ્ઞાન ધન એવા હે ભગવાન તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૯૦ ॥

सर्वक्षेत्रनिवासाय ॥
क्षेत्रभिन्नात्मशक्तये ॥

प्रशक्तायनमःस्तुभ्यं ॥
ससाभाषायभुयषे ॥ ९१ ॥

હે ત્રીગુણાત્મક પ્રભુ સરવે જીવ પ્રાણી માત્રના દેહને વીશે નીવાસ કરનારાછો વલી પૃથક પૃથેક દેહને વીશે તમારી આત્માની શકતીઓ ભીન્ન ભીન્ન છે. એ વા તમને નમસ્કાર કરીએ છીએ ॥ વળી તમે સમર્થ અને સત્તા માત્ર એવા ને મોટા માં મોટા છો એવા તમને નમસ્કાર કરી એ છીએ ॥ ૯૧ ॥

निराभाषायानित्याय
सत्यज्ञानतरात्मने ॥
विश्रुद्धायविद्रुराय
विमुक्ताशेषकर्मणे ॥ ९२ ॥

અને હે પ્રભુ તમે નિરાભાષાય (તમા
રા તેજ આગલ બીજા કોઈનું તેજ વધી
શકે નહીં એવા નીત્ય સ્વરૂપ સત્ય સ્વ.
રૂપ જ્ઞાન સ્વરૂપ અને અંતર આત્મા વ
ળી શુધ્ધ સ્વરૂપ ને સમગ્ર કર્મ થકી રહી
ત અને સદાકાળ મુકત એવા તમે
છો ॥ ૯૨ ॥

नमोवेदांतवेद्याय
वेदमुलनिवाशिने ॥
नमोविविक्तचेष्टाय
निव्रत्तगुणवृत्ताये ॥ ९३ ॥

વળી તમે વેદાંતને જાણવા યોગ્ય
છો. ને વેદના મુળને વીશે નિવાસ કરના
રા ને એકાંતર જેની ચેષ્ટાઓ એવા છો'
ને નિરવૃતી પામીઆછે ગુણની વ્રત્તી
ઓ તે જેમની એવા હે પ્રભુ તમને નમ

સ્કાર કરીએ છીએ ॥ ૯૩ ॥

नमःकल्यांणविर्याय

कल्यांणफलदाइने ॥

ममोनंतायमहाते

शांतायपंचवाक्रिणो ॥ ९४ ॥

અને કલ્યાંણ રૂપછે.વીર્ય તે જેમનું એવા ને કલ્યાણના ફળને આપનારા (મો ક્ષ આપનારા) વળી અનંત રૂપ વાળા મો ટામાં મોટા અને શાંત સ્વરૂપ પંચ મુખ છે જેને એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૯૪ ॥

त्र्यंबकायसुघोराय

घोराघोघविदारिणे ॥

गर्भायभवबिजानां

अंजनायगिरियसे ॥ ९५ ॥

વલી ત્રીનેત્ર ને ઘોર રૂપ અને ઘોર એવા જે પાપના સમુંહ તેને નાશ કરના.રા અભિ રૂપ એવા અને સંસારનાં જે બી જ તેને દહન કરનારા એવા ગિરીશ (મોટા છો) ।। ૯૫ ।।

नमोविध्वस्तमोहाय
विषंदात्मगुणायच ॥
पाहिसर्वेगुणानाथ
पाहिश्रृष्ट्वात्मस्तव ॥ ९६ ॥

હે પ્રભુ તમે આ સંસારના જે નાના પ્રકારના મોહ તેને નાશના કરનારા છો. ને નિરમલ છે આત્માના ગુણ જેમના એવા તમને નમસ્કાર કરીએ છીએ. વળી હે સરવે ગુણના નાથ અમારૂં રક્ષણ ક

શો. આ સૃષ્ટીના ઉદ્ભવ પાળણ ને સંહાર કરનાર તમે અમારૂં રક્ષણ કરો ॥ ૯૬ ॥

विश्वोद्भवास्थितिलयेष्वरःशांतमुर्त्ते ॥
कृतिश्वरेपंचमुखेत्रिनेत्रे ॥
चतुभुजायुद्धधरःविशाले ॥
देवासमुधारसदानमस्ते ॥ ९७ ॥

અને વળી હે વીશ્વકર્મા ભગવાન તમે વિશ્વની ઉત્પતી સ્થિતીને લયના ઇશ્વર છો ને શાંત મુર્તિ છો ને કૃતીના સ્વામીને પંચ મુખ છે જેને ને ત્રણ નેત્ર એવા ને હે પ્રભુ તમારે વીશાળ ચાર ભુજા છે ચારે ભુજાને વીશે ચાર આયુધ ધારણ કરનારને મનુષ્ય અને દેવ માત્રના ઉધાર કરનાર એવા તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૯૭ ॥

आकाशवत्वसर्वत्र
बहिरंतरगतोऽमलं: ॥
असंगोह्यचलोनित्य:
शुद्धोबुद्ध:सदव्ययं: ॥ ९८ ॥

વલી હે ભગવાન આાકાશની પેઠે ત
મે સરવે સ્થળને વીશે બહાર અને ભીત
ર રહોછો. અને તમે કેવા છો કે અસંખ
છો ને અજર છો, નીત્યછો શુધ્ય છો બુ
દ્ધ છો સદરૂપ ને અપ્રકાશ તમેછો ॥ ૯૮॥

नमस्तेपुरुषाध्यक्ष
नमस्तेभक्तवत्सल
नमस्तेस्तुहृषीकेश ॥
नारायणनमोस्तुते ॥ ९९ ॥

હે સમગ્ર પુરૂષના અધીષ્ટાતા હે ભ
કત વત્સળ તમને નમસ્કાર કરીએ છી
એ. હે ઈંદ્રીયોના સ્વાંમી હે રષીકેશ
નારાયણ રૂપ તમને નમસ્કાર કરીએ
છીએ ॥ ૯૯ ॥

भवभयहमेकंसुर्यकोटिप्रकासं ॥
करधृतगजमेकंशुद्धमौक्तिमकाशं॥
कनकरुचिवस्त्रंरत्नवतूकुंडलाढ्यं ॥
कमलविषदनेत्रेसाकृति
विश्वमिंड्ये ॥ १०० ॥

હે વીશ્વકરમા પ્રભુ તમે આ સંસાર
મા જે મૃત્યુનો ભય તેને હરણ કરનારા
છો એકજ જેનો કોટી સુર્યના જેવો પ્રકા
શ છે અને હાથનેવીશે ગજ નામનું આ
યુધ તેને ધારણ કરનારા શુધ્ય મોતીના

સરખો તમારો પ્રકાશ નામ (વર્ણ દેહનો છે) ને સોવરણના સરખાં સુંદીર વસ્ત્ર ધારણ કરોછો અને રતન જડીત્ર કુંડળ યુકત કમળનાસરખાં નીરમળ નેત્ર છે. હે પ્રભુ તમે ક્રુતી સહુવરતમાન એવા અમે તમારી સ્તુતી કરીએ છીએ ॥ ૧૦૦ ॥

देवोमुढाहमज्ञाते
तत्वंजानकथंविभो ॥
तस्मातेशतसोविश्व
नमःकुर्याममन्याधि ॥ १०१ ॥

હે પ્રભુ અમે મુંઢ દેવ છીએ તે તમારા તત્વને કેમ કરીને જાંણી શકીએ તે કારણ માટે સો પ્રકારે એક બુધીવાન એવા અમે તમને નમસ્કાર કરીએ છીએ ॥ ૧૦૧ ॥

देवमेयत्रकुत्रापि

स्थितायाअपिसर्वदा ॥
त्वत्पादकमलेशक्त
भक्तिरेवसदास्तुमे ॥ १०२ ॥

હે દેવ જ્યાંહાં ત્યાંહાં અમારો જન્મ થાય ત્યાંહાં સરવે કાળને વીશે નીરમળ એવા જે તમારા ચરણકમળ તેના વીશે અમારી આશક્તી (ભક્તી) નીરંતર રેહજો એ અમે માગીએ છીએ ॥ ૧૦૨ ॥

शिवोऋषीणांपितरःपरेषा ॥
स्तवैगृणांतपरिपुज्ययंतः ॥
आनंदशिल्पीवित्तपुर्णचित्ता ॥
बभुविरेप्राप्तमनोरथास्ते ॥ १०३ ॥

કલ્યાંણ રૂપ એવા જે શિવ ને ઋષી લોકોના પીત્રુ અને પરેશ (બીજા લોકોના પીત્રુ) ને આણંદ વડે કરીને પુજન કરતા સતા સ્તોત્ર વડે કરીને સ્તુતી કરતા હવા,

અને આણુંદ વડે કરીને વીશ્વકર્માનું જ સાક્ષ તેને વીશે પરીપુર્ણ છે ચીત્ત જેમનું અને પરીપુરણ છે વિશ્વકર્માને વીશે પ્રીતી જેમની એવા પુર્વે કહેલા જે દેવ જેમને પ્રાપ્ત થએલી છે મનની પીડાઓ એવા હોતા હવા. ॥ ૧૦૩ ॥

गुणांचतवशंख्यातु
वेदांनेतिवदंतिहि ॥
किंपुनर्मंदबुद्धिश्च
वर्णयामितवप्रभो ॥ १०४ ॥

હે વીશ્વકરમા ભગવાન તમારા ગુણ ની સંખ્યા ગણવાને વેદ પણ નેતી નેતી ગાન કરેછે તો કરીને મંદબુદ્ધી તે શું વરણન કરી શકીએ માટે હે પ્રભો એવા તમારા અપારને અમોઘ ગુણછે ॥ ૧૦૪ ॥

योषीशोषीनमस्तेस्तु
क्रांपांकर्त्तुममोपरि
इतिश्रुत्वास्तुतितत्र
प्रसन्नोविश्वरूपच ॥ १०५ ॥

માટે હે પ્રભો જેવા તમે છો તેવાજ તમને અમે નમસ્કાર કરીએ છીએ. તથી અમારી ઉપર કૃપા કરવાને સામર્થ છો. ઇતી (એ પ્રમાણે) સ્તુતી સાંભળીને વિશ્વકરમા પ્રસંન હોતા હુવા. ॥ ૧૦૫ ॥

इथंस्फाटिकसंन्निभंकृतिपति
पुजात्मुदंप्राप्तये ॥
मुक्त्वाभोगत्तदेवचावनितले
लब्धाजनुमानवं ॥
भक्त्यायःपरिपुज्ययेत्प्रतिदिनं

कृत्वागुरुशास्त्रगं ॥
भुक्त्वाचात्रसुखंसमस्तमतुलं
पश्चात्सगछेत्परं ॥१०६॥

એ પ્રકારે જે પુરૂષ વિશ્વકર્માના વંશમાં ઉત્પન્ન થઈને ઘણાજ આણંદ વડે કરી હરખથી પોતાના કલ્યાણને અર્થે કરીને સ્ફટીક મણીના સરખો છે વર્ણ જે મનો એવા વિશ્વકર્મા પ્રભુ જે કૃતી દેવી તેના સ્વાંમી, તેમની પુજા કરીને સ્તોત્ર ભણેછે તો મનુષ્યનો જન્મ પામી આ પૃથ્વીને વીશે નાના પ્રકારના ભોગ ભોગવે ॥ અને શાસ્ત્રને જાણનાર એવા ગુરૂ થકી જ્ઞાન પામીને પુર્ણ ભક્તીએ કરીને એ પ્રભુની પુજા કરેછે તે પુરૂષ આ લોકને વિશે સમસ્ત સુખને ભોગવીને પરલોક (તેમના પદને પામેછે) ॥ १०६ ॥

रहस्यमेतत्श्रुतिसारसंग्रह ॥
मयाविदित्वाजगताभवानूक्रते ॥
यस्त्वेतदालोचयातिहबुद्धिमान् ॥
समुश्वतेपातकराशिभिक्षणात् १०७

આને સ્તોત્ર રૂપી શાસ્ત્રનો સાર તેનો ને સંગ્રહ ને એકાંત તમારી સ્તુતી, તેને અમે જાંણીને જગતના ઉધારને અરથે નિશ્ચય કરેલુ છે માટે જે બુદ્ધીમાન પુરૂષ તમારા વંશમાં સંસારને વિશે આ સ્તુતિનો આલોચન (પાઠ) કરેછે તે પુરૂષ પાપના સમુહ થકી ક્ષણ વારમાં મુકતી પામે છે. એમાં સંશય નથી. ॥ ૧૦૭ ॥

एवंस्तुत्वाब्रह्माद्या
वैष्णुवाद्यासुरोतमा ।:
प्रसन्नोविश्वकर्माणं

स्तोत्रजगत्रिपावनं ॥ १०८ ॥

એ પ્રકારે બ્રહ્મા વિસ્નુ ને ઉત્તમ એવા જે દેવતા તે આ વિશ્વકર્માની સ્તુતિ કરતા હવા એવું ત્રણ જગતને (સ્વર્ગ, મૃત્યુ, ને પાતાળને) પાવન કરે એવું સ્તોત્ર સાંભળી વિશ્વકર્મ પ્રસંન્ન થાય છે ॥ ૧૦૮ ॥

धन्यांयशंयचआयुष्यं
आरोग्यंचपुनःपुनः ॥
प्राप्नुयातश्रवणांतंवै
पापाघोघौघनाशनं ॥ १०९ ॥

આ સ્તોત્ર જે સર્વે દેવતાઓનું કરેલું તે જે પ્રાંણી વિશ્વકર્માના વંશમાં ઉત્પંન થઈને વારંવાર ભણશે તેને ધન, યશ આયુષ્ય ને પરીવારની વરધી વિશ્વકરમા

કરશે ને તે પુરૂષનો દેહ આરોગ્ય રહેશે ને સાંભળસે વા સંભળાવસે, ભણસે વા ભણાવશે તેના પાપના સમુહ હશે તો પણ નાશ પામશે ॥ એમાં સંશય ન જાંણવો ॥ ૧૦૯ ॥

ब्रह्महत्यादिपापानां
स्त्रीहत्यास्तथैवच ॥
गौहत्याविनःश्यंति ॥
भक्तिभावकरोतिच ॥ ११० ॥

इति श्रीमद् विश्वकर्मानुस्तोत्रसंपुर्ण ॥ समाप्तं ॥ शुभंभवतु ॥ श्रीरस्तु ॥ कल्याणमस्तु ॥ ॥ ॥

વળી જે પુરૂષ આ સ્તોત્રનો ભકતી ભાવ વડે કરીને નીત્ય પાઠ કરશે તેનાં બ્રહ્મ હત્યા, સ્ત્રી હત્યા ને ગૌ હત્યા દીપાપ હશે તોપણ નાશ પામી જશે. ॥ ૧૧૦ ॥

॥ अथश्रीगजपुंजाप्रारंभं ॥

रुद्रवायुविश्वकर्मा हुताशो ब्रह्मकालवान् ॥
सोमाविष्णुमरुतश्च पुष्पोमुक्तावराजिता ॥ १ ॥

અર્થ ॥ વિશ્વકર્માના પુત્રને આસો વદ ૧૩ ને દી વસે ગજની પુજા કરવી તે ગજને વીશે આઠ દેવ આઠ પુષ્પમાં રહેલા છે તેમનું પુજન અનુંક્રમે કરવું ॥

મુળના પેહેલા ફુલમાં માહાદેવજી છે. બીજામાં વાયુ દેવછે. ત્રીજા ફુલમાં વિશ્વકર્મા દેવછે. ચોથા ફુલમાં અગની દેવછે. પાંચમાં ફુલમાં બ્રહ્માજી રહ્યાછે. છઠામાં ચંદ્રમા દેવછે સાંતમાં ફુલમાં વિષ્ણુ ભગવાન છે ને આઠમા ફુલમાં મરૂત દેવછે એ રીતે આઠ દેવછે તેમની પુજા વીધી સહીત દુપદીપ નૈવેદ પુષ્પ અબીલ ગુલાલ પાન સોપારી શ્રીફલ દક્ષણા સહીત કરવી બ્રાહ્મણ દવારાએ કરવી ગજનું પાટલા ઉપર સ્થાપન કરીને ॥ ॥ ઇતી ગજ પુજા.

॥ અથશ્રી વિશ્વકર્માનો થાળ ॥

મારે ઘેર આવજો માવા કહીને કોદરી ખાવા એ રાગ

જમાડું જુગતી કરી આવો વિશ્વકર્મા હરી. ॥ ટેક.
ચંદન ચોકી પધરાવું પ્રભુ પ્રેમ કરીને આજ.
ગંગા જળે સ્નાન કરાવું વિંધી વડે મહારાજ ॥ જ—૧

પીતાંબર પેહેરાવું પ્રભુ કેશરી તીલક સાર ॥
જાઈ જુઇ ગુલાબ તણા કંઠે ધરાવું હાર. ॥ જ--૨
હેમ બાજઠે બેસારૂં પ્રભુ ધરૂં શોનાનો થાળ.
વીધ વિધીના ભોગ ધરાવું જમો દીનદયાળ ॥ જ—૩
મીષ્ટ લાડુ સાકરના કીધા વ્રત તણો નહીં પાર ॥
શીરો ને વળી સુખડી મુકું ત્રીધારો કંસાર ॥ જ—૪
ઘેવર શેવઇયા કણસાઇ મોતીચુર તણા મીષ્ટાન ॥
બરફી ચુરમું લાકડસાઇ જમો તમે ભગવાન ॥ જ—૫
પેંડા પતાસાં બરફી અને ગુજાંનો નહીં પાર ॥
ઘેબર સુતરફેણી જલેબી ઉપર ઘીની ધાર૦ ॥ જ—૬
સકરપારા સાકરચણા કાજુ છે અથાક ॥
પ્રેમ ધરીને પીરસું પ્રભુ નાના વીધના પાક ॥ જ—૭
પુરણપોળી ઘારીપુરી પુરી પાપડ સાર ॥
વડાં વડી માંહે ધરી પ્રભુ સ્વાદ તણો નહીં પાર જ—૮
બાસુદી દુધપાક શીખંડ સ્વાદ તણો નહીં પાર૦॥
દ્રાક્ષ ચારોળી બદામ એલચી કેશર રંગ અપાર જ—૯
લીંબુ કેરી કરમદા આદાચીરીને કેર ॥
અથાણાં વીધ વીધનાં મુકું જમોને રૂડી પેર જ—૧૦
દુધી કેળાંને રાઇ ચડાવી રાઇતાં કીધાં સાર ॥
દહીં ભાગાને કઢી કરી માંહે વડી વઘાર ॥ જ—૧૧
રતાળુ સુરણ પરવર ગીલોડાનાં સાક ॥

કોળુ કંકોડાં મોગરો મુળા વાલોળને વંતાક જ-૧૨
ચટણી અનેક વીધની કીધી દાળ ચંપાનોછોડ ॥
મશાલો મન ગમતો મુક્યું જમતાં ઉપજે કોડ જ-૧૩
કમોદનો પ્રભુ કુર બનાવ્યો લવીંગનો વઘાર ॥
કેશરી કુર કું પીરસ્યું પ્રભુ ઉપર ઘીની ધાર જ-૧૪
સોના ઝારી માંહે નીર ગંગાનાં પાન કરો મહારાજ ॥
આચમન કરી હેતે કરો દાસનાં મારો કાજ જ-૧૫
બાસેઠ પાનનું બીડું સોપારી સેવરધન સાથ ॥
નીજ જનના કોડ પુરો પ્રભુ જોડે ગોવરધનહાથ જ-૧૬

અથશ્રી વિશ્વકરમાની આરતી. ॥

શીવની આરતીનો રાગ.

જય ત્રીગુણાત્મક સ્વાંમી, જય ત્રીગુણાત્મક સ્વાંમી.
અખંડાનંદ કહાવો, અખંડાનંદ કહાવો, બાળગુણબહુનામી
પંચ વદન ત્રીનેત્ર ભુજ ચતુર સોહીએ,
ચતુરા ... વિરાજે મણી મુગટ મોહીએ ;જય ૨
રજતમ સત્વ સ્વરૂપ છો અંતરજામી
ગુણ થકી પર પ્રગટયા આપે નિરકામી જયત્રી ૩
કૃતી રહી અરધાંગે જગતીમર હરતા
બ્રહ્મા વિશ્નુ સદા શીવ ધ્યાન સદા ધરતા જયત્રી ૪
નીજ ઈછાથી સ્થીર ભુતળને સ્થાપી
મંદ્રાચળ મેરૂને અચળ કર્યાં આપી ૧જય ત્રીગુણ ૫

અંધકનો વધ કીધો દેવ તણો કાજે.
બ્રહ્માને સુખ આપ્યું સૃષ્ટી સકળ રાજે જયત્રી ૬
ત્રણ પુરી ઇછાથી કીધી સુખકારી,
વિસ્નું વીરંચી શીવને સ્થાપ્યા અધીકારી જયત્રી ૭
અષ્ટપુરી સુખ ધામ છે શોભા ભારી
અષ્ટદેવને આપી કીધા અધીકારી જયત્રી ૮
સિદ્ધ ચારણ નગ નાગ જંન અમે કીધા
ऋસી વિદ્યાધર દેવને વર રૂડા દીધા. જયત્રી ૯
નીજ માયા બળ આપ લીલા વિસ્તારી
શ્રષ્ટા કહાવો જગના આપે સુખકારી જયત્રી ૧૦
અનંત સુખ દેવતાને આપી પ્રગટયા વસુદવારે
ભક્ત જનની ચડતા હરઘડી હરી વારે જયત્રી ૧૧
સ્વર્ગ મૃત્યુ પાતાળ રચના કીધી છે ભારી
ઇલોળ ધડમાં વશીઆ ગજસુત્ર ધારી જયત્રી ૧૨
કૃતી નારીને વરીઆ અદ્‌ભુત રૂપ ધારી,
પાવન કીધી પૃથ્વી વિશ્વક સુખકારી. જયત્રી ૧૩
સપ્તપુરી સમતુલ્ય ઇલોળધડ કીધો
દેવ સકળ આં વશીઆ લાવો બહુ લીધો જયત્રી ૧૪
ત્રીગુણ રૂપની આરતી જે કોઈ ગાશે
ભણે ગોવરધનદાસ વઇકુંઠે જાશે. જયત્રી ૧૫

સમાપ્ત.

સદ્ગ્રહસ્ત સુથારોનાં નામ.

૨૧ મીસ્ત્રી પરશોતમ કેશવજી
મુ. જોડીઆ તથા બાળંભા
૧૧ મીસ્ત્રી દેવસી આણંદજી
મુ. ધ્રોલ
૫ કાળા મનજી હણીઆણા
૫ બેચરજી સવજી દુવારકાં
૫ રામજી જેરામ કછગોધરા
૩ હરજી ભવાન કછકોડાય
૨ જીવરામ અંબારામ કુકરવાડા
૨ દેવરામ પ્રેમજી કછવીરાણી
૧ છગનલાલ અમીચંદ લાડોલ
૧ અમુલખ રખીરામ ખરોડ
૧ વલભરામ મોતીરામ
જેરીતા
૧ જોઈતારામ નરશીરામ
મુ—કાસંદરા
૧ ભવાન ભાણજી પરધરી
૧ તળસી પ્રેમજી રાતીદેવડી
૧ મોતીરામ પાનાચંદ મઢ
૧ કરશન લાધા ગોંડલ

૧ જીવરાજ રૂડા જુનાગઢ
૧ વેલજી કેશવજી કછકોડાય
૧ લીલાધર જુઠા બામણાસા
૧ જમનાંદાસ જીવરાજ
રાજકોટ
૧ હંસરાજ વાલજી ભાડુકા
૧ જીવરાજ મુળજી બોટાત
૧ મોતી કાનજી ધરાદ
૧ રવજી રામજી વસાઈ
૧ તળસી ખુશાલ આસેસણ
૧ ગોવરધન મેઘજી વળા
૧ મોતીરામ ઇંદ્રા કાકરવાડા
મુ. માણસા
૧ નથુરામ શંકર
૧ ગોવીંદરામ જેઠારામ
૧ દેવચંદ જેઠારામ
૧ મગનલાલ ઝવેરદાસ
૧ કેવળરામ કુશળરામ
મુ. પીલવાઇ
૧ સુ. છગનલાલ મુળચંદ

૧ સુ રણછોડ પરભુદાસ
૧ સુ. ગીરધરલાલ સેવકરામ
૧ સુ. અંબારામ જોઇતારામ
૧ સુ. અંબારામ સાંકળચંદ
૧ સુ. લલુ રામચંદ
૧ સુ. ભાઇચંદ નરસીરામ

મુ. બીલોદરા

૧ સુ. રણછોડ મઆરામ
૧ સુ. મંછારામ કીસોરદાસ
૧ સુ. પરાંણ પ્રેમચંદ

મું. વીજાપુર

૧ સુ. વલભરામ મલુકચંદ
૧ સુ. અમથારામ પરભુદાસ
૧ સુ. મગનલાલ ગણપતરામ
૧ સુ. શામા જીવરામ
૧ સુ. મોહનલાલ મોતીરામ
૧ સુ. કાલુભાઇ મીરાતરામ

મુ. રણાસણ

૧ સુ. કુબેરદાસ ઝવેર
૧ સુ. રણછોડ રેવા
૧ સુ. જીવરામ ઘેહેલા ખેરાળુ

મુ. દમણ

૨ સુ. લક્ષમણ વલભ
૨ સુ. કેશુર રામા
૨ સુ. તીકમ નારાણ
૧ સુ. જીવણ મોરાર
૧ સુ. મકનલાલ ભુલાં
૧ સુ. વીઠલ બીખા
૧ સુ. વનમાળી દલા
૧ સુ. વલભ મકન
૧ સુ. ગોવીંદ લાલ
૧ સુ. ગાંડા દુલભ
૧ સુ. વીઠલ મોરાર
૧ સુ. વનમાળી લખુ
૧ સુ. રામા મકન
૧ સુ. મકન મોરાર
૧ સુ. મોરાર લક્ષમણ
૧ સુ. નાયણદાસ ભુલા
૧ સુ. ગોપાળ દુલભ
૧ સુ. જીવણ પરશોતમ
૧ સુ. કેસુર હરી
૧ સુ. હરજીવન આણંદજી

૧ સુ. લાલજી નાથણુ
૧ સુ. ભગવાન લાલ
૧ સુ. પરશોતમ હરી
૧ સુ. છબા કરશન
૧ સુ. કેશુર દુલભ
૧ સુ. મોરાર પરશોતમ
૧ સુ. જીવણુ પ્રેમા
૧ સુ. વીઠલ કેશુર
૧ સુ. છબા દલા
૧ સુ. લક્ષમણુ ગોપાળ
૧ સુ. હરજીવન ખુશાલ
૧ સુ. રણુછોડ કલ્યાણુ
૧ સુ. મોરાર વીઠલ
૧ સુ. રણુછોડ હરી
૧ સુ. પ્રેમજી વલભ
૧ સુ. આણુંદજી વલભ
૧ સુ. ગોવીંદ દુલભ
૧ સુ. ભીખા વીઠલ
૧ સુ. પ્રેમા મોરાર
૧ સુ. પરશોતમ શંકર
૧ સુ. વીઠલ નરશી

૧ સુ. રામા લખુ
૧ સુ. પરશોતમ જગા
૧ સુ. નાથણુ દુલભ
૧ સુ. પ્રેમા નાથણુ
૧ સુ.પરશોતમ વલભ
૧ સુ. વલભ દુલભ
૧ સુ. નાથણુ જીવણુ
૧ સુ. ભીખા મોરાર
૧ સુ. લખુ ભીખા
૧ સુ. નાથણુ મોરાર
૧ સુ. કુબેરજી લાલ
૧ સુ. ભગવાન વીઠલ
૧ સુ. જીવણુ લખુ
૧ સુ. મોરાર નાથણુ
૧ સુ. ભગવાન નાથણુ
૧ સુ. દુલભ નાથણુ
૧ સુ. મોરાર નાગર
૧ સુ. રતનજી લખુ
૧ સુ. ભીખા દુલભ
૧ સુ. લક્ષમણુ મોરાર

મુ. વલસાડ
૨ સુ. કેસુર મકન
૨ સુ. વીઠલ ગોવીંદ
૧ સુ. કેશુર કરશન
૧ સુ. મકન નથુ
૧ નારાયણ નીછા

મુ. પારડી
૧ સુ. લાલજી દયાલ
૧ સુ. રણછોડ શંકર
૧ સુ. રતનજી શંકર
૧ સુ નરસી નાના

મુ. પરીએ
૧ સુ. પ્રેમા રણછોડ
૧ સુ. લાલજી દુલભ
૧ સુ. મકન કલ્યાણ
૧ સુ. પ્રેમા ગોપાળ
૧ સુ. દુલભ ગોપાળ
૧ સુ. કલ્યાંણ નરસી
૧ સુ. ભીખા વીઠલ
૧ સુ. કુબેરજી ભીખા
૧ શુ. પરશોતમ મકન

મુ. બીલીમોરા
૧ શુ. રણછોડ હરી
૧ શુ. વાલજી રઘા
૧ શુ. પ્રેમા કુબેર
૧ શુ. નરસી રતનજી
૧ શુ ડીકાભાઇ વાઘા

મુ. તલાવચોરા
૧ શુ કેશુર દાજી
૧ શુ. ગોવીંદ ડીકા
૧ શુ. જીવણ ભુલા

મુ. દાદર
૧ શુ પરશોતમ મકનજી
૧ શુ. લાલજી નાયણ
૧ મોરાર ગોવીંદ

મુ. ડુંગરી
૧ દુલભ ઝીણા
૧ રામજી લાલ
૧ નાના દાજી
૧ પરશોતમ મકન
૧ ભગવાન છબા
૧ ભલુ દાજી
૧ ગોવીંદ પરશોતમ ડેહેલા
૧ રતનજી મુ. પનવેલી
૧ નરસી ભીખા મુ. નવસારી
૧ નાયણ પરશોતમ પલસાણા
૧ દુલભ જમા ખતલવાડા
૧ રતનજી વીઠલ મરોલી